ગાંધીનગર અને કચ્છથી ગુજરાતી અને હિન્દી ભાષામાં એકસાથે પ્રસિદ્ધ થતું એકમાત્ર દૈનિક

http://www.chanchal.co | chanchal61@yahoo.com | chanchal news | chanchal news | +91 94276 13250

Date : 04-07-2023, Tuesday • Issue NO. : 67 • Year : 23 • Page : 4 • Price : 0.60

ચંચળ

ગાંધીનગર આવૃત્તિ

ચંચળ દૈનિક
આપની સંસ્થાના
સમાચાર ઈ-મેલ પર મોકલો
E-mail : chanchal61@yahoo.com
જાહેરાત આપવા માટે સંપર્ક કરો
ગાંધીનગર : ૯૪૨૭૬ ૧૩૨૫૧, ભુજ : ૯૪૨૭૬ ૧૩૨૫૦

R.N.I. Reg. No. GUJGUJ2001/04216 તંત્રી : જયેન્દ્ર ઉપાધ્યાય તા. ૦૪-૦૭-૨૦૨૩, મંગળવાર ● અંક નં. ૬૭ ● વર્ષ : ૨૩ ● પાના : ૪ ● REGD: GKCH-36/2018-20

આ ગઠબંધન નથી પણ ઠગબંધન છે': ભાજપે કહ્યું- શરદ પવારની પાર્ટી NCPમાં બળવો

વિપક્ષી એકતાની પટના બેઠકનું પરિણામ, 'બિહારમાં મહારાષ્ટ્ર જેવી હાલત થશે

મહારાષ્ટ્રમાં રાજકીય ઉથલપાથલ બાદ બિહારમાં રાજકીય બયાનબાજીએ જોર પકડ્યું છે. સુશીલ કુમાર મોદીનું કહેવું છે કે શરદ પવારની પાર્ટી NCPમાં બળવો વિપક્ષી એકતાની પટના બેઠકનું પરિણામ છે. ટૂંક સમયમાં જનતા દળ યુનાઈટેડમાં પણ નાસભાગ થવા જઈ રહી છે.

સુશીલ મોદીએ રાજકીય ઉથલપાથલના દાવા પાછળ તર્ક પણ આપ્યો છે. તેમણે કહ્યું કે બિહારમાં પણ વિદ્રોહની સ્થિતિ સર્જાઈ રહી છે કારણ કે નિતિશ કુમારે છેલ્લા ૧૭ વર્ષમાં ક્યારેય ધારાસભ્યો અને સાંસદોને મળવાનો સમય આપ્યો નથી. લોકોએ એકાદ વર્ષ સુધી રાહ જોવી પડતી હતી.

હવે તેઓ દરેક ધારાસભ્ય અને સાંસદને ૩૦ મિનિટ આપી રહ્યા છે. જ્યારથી નિતિશ કુમારે આગામી લડાઈ માટે રાહુલ ગાંધીને નેતા તરીકે સ્વીકાર્યા અને તેજસ્વી યાદવને તેમના અનુગામી તરીકે નામ આપ્યા ત્યારથી જનતા દળ યુનાઈટેડ બળવાની સ્થિતિમાં છે. લોજપા (રામ વિલાસ)ના સુપ્રીમો ચિરાગ પાસવાને તો ત્યાં સુધી કહ્યું છે કે ઘણા ધારાસભ્યો અને સાંસદો તેમના સંપર્કમાં છે. અહીં કેન્દ્રીય મંત્રી પશુપતિ પારસે મોટો દાવો કર્યો અને કહ્યું- બિહારમાં એક-બે દિવસમાં મોટો રાજકીય ભૂકંપ આવશે, મહારાષ્ટ્રનું પુનરાવર્તન થશે. અહીં JDU છોડીને પોતાની નવી પાર્ટી બનાવનાર ઉપેન્દ્ર કુશવાહાએ પણ દાવો કર્યો છે કે JDUમાં મોટું વિભાજન થવા જઈ રહ્યું છે.જેડીયુના પ્રવક્તા નીરજ કુમારે કહ્યું કે મહારાષ્ટ્રમાં વિપક્ષના નેતા અનેક ધારાસભ્યો સાથે સરકારમાં સામેલ થયા છે. તેના પર સુશીલ મોદી કહી રહ્યા છે કે બિહારમાં પણ મહારાષ્ટ્ર જેવી સ્થિતિ સર્જાઈ રહી છે. મતલબ કે બિહારના વિપક્ષના નેતા પોતાના ભાજપના ધારાસભ્યો સાથે મહાગઠબંધનમાં સામેલ થવા જઈ રહ્યા છે. આજે પૂર્ણિમાનો દિવસ છે. ભાજપ માટે આનાથી સારો દિવસ કયો હશે? મહાગઠબંધનને કારણે ભાજપની અંદર ભારે ખળભળાટ મચી ગયો છે અને તેઓ પોતાનું અસ્તિત્વ બચાવવા પ્રયાસ કરી રહ્યા છે.નિતિશ કુમાર ૬ દિવસ પહેલા ધારાસભ્યો-કાઉન્સિલરોને મળ્યા હતા. શનિવાર અને રવિવારે તેમણે સાંસદોને મળવા બોલાવ્યા હતા. આ અંગે સુશીલ મોદીએ દાવો કર્યો છે કે નિતિશને તૂટવાનો ડર છે. જેના કારણે તેઓ પોતાના પ્રિયજનોને મનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે.

આ બધા વચ્ચે એ વાત સાચી છે કે જેડીયુ એલર્ટ મોડમાં છે. વિપક્ષી દળોની બેઠક જે ૧૪-૧૫ જુલાઈએ મળવાની હતી તે હવે ૧૭-૧૮ જુલાઈએ બેંગલુરુમાં યોજાશે. મહારાષ્ટ્રમાં રાજકીય ઉથલપાથલ બાદ આ તારીખ વધુ લંબાવવામાં આવી શકે છે. સંસદ સત્ર પછી તારીખ રાખી શકાય છે. સૂત્રો જણાવે છે કે હવે આ બેઠક ઓગસ્ટ સુધી પણ મુલતવી રાખવામાં આવી શકે છે.બેંગલુરુમાં યોજાનારી વિપક્ષી એકતાની બેઠક સ્થગિત કરવાના સમાચાર વચ્ચે ભાજપના પ્રદેશ અધ્યક્ષ સમ્રાટ ચૌધરીએ કહ્યું છે કે જો તમામ પક્ષીઓ આઝાદ થઈ જશે તો બેઠક ક્યાંથી થશે. જે પક્ષમાં ધારાસભ્ય, નેતા પક્ષથી સંતુષ્ટ ન હોય તો જ અન્ય પક્ષો સાથે જાય છે. આમાં કોઈ મોટી વાત નથી.

NCPની જેમ જ નિતિશ કુમારની પાર્ટી પણ બિહારમાં પોતાનું ભાગ્ય પાર પાડવા જઈ રહી છે. અમને બિહારમાં સરકાર બનાવવાની કોઈ ઉતાવળ નથી. ચૂંટણીમાં નિતિશ કુમારને હરાવ્યા બાદ જ ભારતીય જનતા પાર્ટી બિહારમાં સરકાર બનાવશે. અમારી પાર્ટીમાં જોડાવા માંગતા જેડીયુના તમામ ધારાસભ્યોનું અમે સ્વાગત કરીશું.

ભાજપ હંમેશા આ પ્રકારની રમત રમે છે. ભાજપને તેનું યોગ્ય સ્થાન બતાવતા રહીશું

બળવા બાદ શરદ પવારે સતારામાં બતાવ્યો પાવર, કહ્યું- મહારાષ્ટ્રે એકતા બતાવવી પડશે

મુંબઈ

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP)માં અજિત પવારના બળવાના એક દિવસ પછી, પાર્ટીના વડા શરદ પવારે સોમવારે (૩ જુલાઈ) સતારામાં સમર્થકોને સંબોધિત કર્યા. આ દરમિયાન એનસીપી નેતાએ કહ્યું, આજે આપણે બધાએ એક થવાની જરૂર છે.શરદ પવાર સોમવારે મહારાષ્ટ્રના સતારા પહોંચ્યા અને વાય બી ચૌહાણને શ્રદ્ધાંજલિ આપી. સતારાનાં કરાડમાં વાયબી ચવ્હાણ સ્મારક સ્થળ પર પાર્ટી સમર્થકોને સંબોધતા વરિષ્ઠ પવારે કહ્યું, આપણે બધાએ હવે એકજૂટ રહેવાની જરૂર છે. આ પહેલા શરદ પવારે રોડ શો કરીને પોતાની તાકાત બતાવી હતી.

તેમણે કહ્યું કે, મહારાષ્ટ્રને જાતિ અને ધર્મના નામે વહેંચવામાં આવી રહ્યું છે. ધાર્મિક વિવાદ ઉશ્કેરવામાં આવી રહ્યો છે. અમે મહારાષ્ટ્રને મજબૂત કર્યા વિના રોકાઈશું નહીં. મહારાષ્ટ્રે પોતાની એકતા બતાવવી પડશે. ભારતીય જનતા પાર્ટી પર પ્રહાર કરતા એનસીપીના વડાએ કહ્યું કે, ભાજપ હંમેશા આ પ્રકારની રમત રમે છે. ભાજપને તેનું યોગ્ય સ્થાન બતાવતા રહીશું.

પવારે કહ્યું, ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વમાં અમે મહારાષ્ટ્રની સેવા કરી રહ્યા હતા, પરંતુ કેટલાક લોકોએ તેને પડતો મૂક્યો. માત્ર મહારાષ્ટ્રમાં જ નહીં, પરંતુ દેશમાં - દિલ્હી, પંજાબ, બંગાળ, જ્યાં પણ સરકાર લોકતાંત્રિક રીતે કામ કરી રહી છે, તેના પર પ્રહારો થઈ રહ્યા છે.

અમે આ બધાની સામે ઊભા રહેવાનો પ્રયાસ કર્યો પરંતુ કમનસીબે અમારામાંથી કેટલાક બાકાત રહી ગયા. તમારા સમર્થનથી અમે ફરી મજબૂત બનીશું અને મહારાષ્ટ્ર ફરી એકવાર પ્રગતિના પંથે આગળ વધશે.

શરદ પવારની પાર્ટી એનસીપીને તેમના જ ભત્રીજા અજિત પવારે તોડી નાંખી છે. અજિત પવારે ભાજપ અને એકનાથ શિંદેની સરકારને સમર્થન આપ્યું અને ડેપ્યુટી સીએમની ખુરશી પર બેઠા. પવાર પરિવારમાં આ વિદ્રોહની ઘણી ચર્ચા છે અને કહેવામાં આવી રહ્યું છે કે આ વિખવાદ ઘણા સમયથી ચાલી રહ્યો હતો. હવે દ્રઝઁ ચીફ શરદ પવારે આ અંગે જવાબ આપ્યો છે. તેમણે કહ્યું છે કે ગમે તે થાય પરંતુ પરિવારમાં કોઈ સમસ્યા નથી.એનડીટીવીને આપેલા ઈન્ટરવ્યુમાં શરદ પવારે કહ્યું કે પરિવારમાં કોઈ સમસ્યા નથી. અમે પરિવારમાં રાજકારણની ચર્ચા કરતા નથી, પરિવારમાં દરેકને પોતાનો નિર્ણય લેવાનો અધિકાર છે અને તેઓ પણ તેમ જ કરે છે. આ ઈન્ટરવ્યુ દરમિયાન શરદ પવારે સ્પષ્ટ કર્યું હતું કે તેમણે હાલમાં કોઈ ધારાસભ્ય સાથે વાત કરી નથી અને તેઓ અત્યારે કોઈના સંપર્કમાં નથી.

પોલીસને PM હાઉસ ઉપરથી ડ્રોન ઉડ્યાનો કોલ આવતા હડકંપ મચ્યો, SPG અને સુરક્ષા એજન્સીઓ એક્શનમાં

નવી દિલ્હી

નવી દિલ્હીના ઉચ્ચ સુરક્ષા અને નો ફ્લાઈંગ ઝોનમાં સ્થિત વડા પ્રધાનના નિવાસસ્થાન પર ડ્રોન ઉડાવવાના PCR કોલથી હલચલ મચી ગઈ હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, સોમવારે (૩ જુલાઈ) સવારે લગભગ ૫ વાગ્યે, એક વ્યક્તિએ પીએમ હાઉસ પર કંઈક ઉડતું જોઈને કોલ કર્યો, જેના પછી સુરક્ષા એજન્સીઓ અને પોલીસ એલર્ટ થઈ ગઈ.

માહિતી બાદ એસપીજીએ તપાસ શરૂ કરી હતી પરંતુ આ દરમિયાન કંઈ મળ્યું નહોતું, ત્યારબાદ બધાએ રાહતનો શ્વાસ લીધો હતો. દિલ્હી પોલીસ આ મામલે તપાસ કરી રહી છે. વડાપ્રધાનનું નિવાસસ્થાન લોક કલ્યાણ માર્ગ પર આવેલું છે અને સમગ્ર વિસ્તાર નો-ફ્લાઈંગ ઝોન હેઠળ આવે છે.

દિલ્હી પોલીસે એક નિવેદન જારી કરીને કહ્યું કે તપાસ દરમિયાન એર ટ્રાફિક કંટ્રોલ (ATC)નો પણ સહયોગ લેવામાં આવ્યો હતો. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે "નવી દિલ્હી ડિસ્ટ્રિક્ટ (NDD) ના કંટ્રોલ રૂમને PMના નિવાસસ્થાનની નજીક એક અજાણી ઉડતી વસ્તુ વિશે માહિતી મળી હતી. આસપાસના વિસ્તારોમાં વ્યાપક શોધખોળ કરવામાં આવી હતી પરંતુ આવી કોઈ વસ્તુ મળી નથી." એર ટ્રાફિક કંટ્રોલ રૂમ (ATC) નો પણ સંપર્ક કરવામાં આવ્યો હતો, તેઓને પણ પીએમના નિવાસસ્થાન નજીક આવી કોઈ ઉડતી વસ્તુ મળી ન હતી.

વડાપ્રધાનના નિવાસસ્થાને પ્રવેશ ૯, લોક કલ્યાણ માર્ગથી છે. પ્રથમ કાર પાર્કિંગમાં મૂકવામાં આવે છે, પછી વ્યક્તિને રિસેપ્શન પર મોકલવામાં આવે છે. પછી સુરક્ષા તપાસ કરવામાં આવે છે. જે પછી વ્યક્તિ ૭, ૫, ૩ અને ૧ લોક કલ્યાણ માર્ગમાં એન્ટ્રી લે છે.

તમને જણાવી દઈએ કે, પીએમના નિવાસસ્થાને પહોંચવા માટે સુરક્ષા તપાસ એટલી કડક છે કે જો તેમના પરિવારના કોઈ સભ્ય પણ આવે છે તો તેમને પણ આ ચેકમાંથી પસાર થવું પડે છે. વડાપ્રધાન આવાસમાં કોઈપણ વ્યક્તિની એન્ટ્રી લેતા પહેલા સચિવો વતી મુલાકાત લેનારાઓની યાદી તૈયાર કરવામાં આવે છે. જે વ્યક્તિઓનું નામ યાદીમાં હશે તેઓ ત્યાં જ મળી શકશે. આ સાથે જે વ્યકિત વડાપ્રધાનને મળવા જઈ રહી છે તેની પાસે ઓળખ કાર્ડ હોવું જરૂરી છે.

ભારતના વડા પ્રધાનનું સત્તાવાર નિવાસસ્થાન બંગલો નંબર ૭ છે, જે રાજધાની દિલ્હીના લ્યુટિયન ઝોનના લોક કલ્યાણ માર્ગ પર સ્થિત છે. વડા પ્રધાનના નિવાસસ્થાનનું સત્તાવાર નામ 'પંચવટી' છે. તે ૫ બંગલાઓને જોડીને બનાવવામાં આવ્યો છે. ૭ લોક કલ્યાણ માર્ગ (અગાઉ 7 RCR) પર રહેતા પ્રથમ વડાપ્રધાન રાજીવ ગાંધી હતા. તેઓ ૧૯૮૪માં અહીં આવ્યા હતા.

સપ્તાહના પ્રથમ કારોબારી દિવસે ભારતીય શેરબજારમાં ઈતિહાસ રચાયો : નિફ્ટી પણ ઐતિહાસિક સપાટીએ બંધ

મુંબઈ

સપ્તાહના પ્રથમ કારોબારી દિવસે ભારતીય શેરબજારમાં ઈતિહાસ રચાયો હતો. સેન્સેક્સ પ્રથમ વખત ૬૫ હજારને પાર બંધ રહ્યો. આજે રોકાણકારોની ખરીદી અને મેન્યુફેક્ચરિંગ પીએમઆઈના સારા આંકડાના કારણે શેરબજારમાં તેજી આવી. નિફ્ટી પણ ઐતિહાસિક સપાટીએ બંધ રહી. આજના વધારા બાદ રોકાણકારોની સંપત્તિ વધીને ૨૯૮.૨૧ લાખ કરોડની નવી ટોચ પર પહોંચી છે. આજે તમામ સેક્ટર ગ્રીન ઝોનમાં બંધ થયા.આજે સવારે માર્કેટની તેજી સાથે શરૂઆત થઈ હતી અને દિવસભર આ ટ્રેન્ડ જળવાઈ રહ્યો. આજે ભારતીય શેરબજારનો સૂચકાંક ૪૮૬.૪૯ પોઈન્ટના વધારા સાથે ૬૫,૨૦૫.૦૫ પોઈન્ટ પર અને નિફ્ટી ૧૩૫.૫ પોઈન્ટ વધીને ૧૯૩૨૨.૫૫ પોઈન્ટ પર બંધ રહ્યા હતા. ગ્રાસીમ ઈન્ડસ્ટ્રીઝ, આઈટીસી, બીપીસીએલ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને બજાજ ફાયનાન્સ નિફ્ટીના ટોપ ગેઈનર્સ હતા, જ્યારે બજાજ ઓટો, પાવરગ્રીડ, સન ફાર્મા, સિપ્લા અને મારુતિ સુઝીકી ટોપ લુઝર્સ હતા.

આજના વેપારની સૌથી મોટી વિશેષતા એ રહી છે કે નિફ્ટી બેંક પણ પ્રથમ વખત ૪૫,૦૦૦ને પાર કરવામાં અને તેની ઉપર બંધ કરવામાં સફળ રહી છે. નિફ્ટી બેન્ક ૪૧૦ પોઈન્ટ અથવા ૦.૯૨ ટકાના વધારા સાથે ૪૫,૧૫૮ પોઈન્ટ પર બંધ થયો હતો. આ સિવાય એફએમસીજી, એનર્જી, મેટલ્સ, ઈન્ફ્રા, મીડિયા, રિયલ એસ્ટેટ સેક્ટરના શેર તેજી સાથે બંધ થયા હતા. જ્યારે ઓટો, આઈટી, ફાર્મા, હેલ્થકેર, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ સેક્ટરના શેર ઘટીને બંધ થયા હતા. નિફ્ટીના મિડ-કેપ અને સ્મોલ-કેપ સૂચકાંકો પણ ઝડપથી બંધ થયા છે. સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૧૫ વધ્યા અને ૧૫ નુકસાન સાથે બંધ થયા. જ્યારે નિફ્ટીના ૫૦ શેરોમાંથી ૨૪ શેર લીલા નિશાનમાં અને ૨૬ લાલ નિશાનમાં બંધ થયા હતા. આજે ૧૯૧૦ શેર વધ્યા, ૧૬૮૮ શેર ઘટ્યા અને ૧૩૮ શેરમાં કોઈ બદલાવ થયો નહોતો. મેટલ, ઓઈલ એન્ડ ગેસ, એફએમસીજી, પીએસયુ બેંક સેક્ટર ૧ થી ૩ ટકા વધ્યા, જ્યારે આઈટી અને ફાર્મામાં ૧ ટકા સુધીનો ઘટાડો થયો. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ ૦.૩ ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ ૦.૫ ટકા વધ્યા.શુક્રવારે જ્જીઈનું માર્કેટ કેપ વરૂ ૨૯૬.૪૬ લાખ કરોડ હતું, જે આજે વધીને ૨૯૮.૨૧ લાખ કરોડ થયું છે. એટલે કે રોકાણકારોની સંપત્તિમાં ૧.૭૫ લાખ કરોડનો વધારો થયો છે.

MP-ઝારખંડ સહિત ૫ રાજ્યોના પ્રદેશ અધ્યક્ષ બદલશે BJP: પંજાબ ભાજપ પ્રદેશ અધ્યક્ષ અશ્વની શર્માનું રાજીનામું; નડ્ડાની ટીમમાં નવા ચહેરા પણ સામેલ થશે

નવી દિલ્હી

૨૦૨૪ની લોકસભા અને કેટલાક રાજ્યોમાં વિધાનસભા ચૂંટણીની તૈયારીઓ વચ્ચે ભાજપ સંગઠન સ્તરે મોટા ફેરફારો કરી શકે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જગત પ્રકાશ નડ્ડા મધ્યપ્રદેશ, ઝારખંડ, પંજાબ, તેલંગાણા અને કેરળમાં નવા પ્રદેશ અધ્યક્ષોની જાહેરાત કરી શકે છે.ફેરબદલના અહેવાલો વચ્ચે પંજાબભાજપના અધ્યક્ષ અશ્વની શર્માએ સોમવારે રાજીનામું આપી દીધું છે. જો કે હજુ તેની સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. અહેવાલો અનુસાર સુનીલ જાખડને પંજાબ ભાજપની કમાન સોંપવામાં આવી શકે છે. જાખડ કોંગ્રેસમાંથી ભાજપમાં આવ્યા છે.આ વર્ષે મધ્યપ્રદેશ, રાજસ્થાન, છત્તીસગઢ, તેલંગાણા અને મિઝોરમમાં વિધાનસભાની ચૂંટણી છે.

મધ્યપ્રદેશ અને મિઝોરમમાં ભાજપની સરકાર છે. જ્યારે રાજસ્થાન, છત્તીસગઢમાં કોંગ્રેસ અને તેલંગાણામાં BRS સત્તામાં છે. આ વર્ષે ૪ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી યોજાઈ હતી. આમાં પાર્ટી ત્રિપુરામાં ગઠબંધન દ્વારા સત્તામાં પરત આવી છે. અને મેઘાલય, નાગાલેન્ડમાં પણ તેઓ સરકારમાં સહયોગી છે. પાર્ટીને કર્ણાટકમાં જ સત્તા ગુમાવવી પડી હતી.

૨૮ જૂને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ અને જેપી નડ્ડા સહિત અનેક દિગ્ગજ નેતાઓ સાથે મુલાકાત કરી હતી. બેઠકમાં નડ્ડાની હાજરી સાથે રાજ્ય સ્તરેથી સરકાર અને ભાજપ સંગઠનમાં ફેરફારોની ચર્ચા થઈ હતી. રિપોર્ટ્સ અનુસાર, સૌથી વધુ ચર્ચા ધર્મેન્દ્ર પ્રધાન અને ભૂપેન્દ્ર યાદવના નામની છે. આ નેતાઓને મોટી જવાબદારી મળી શકે છે.૬, ૭ અને ૮ જુલાઈએ ભાજપના રાષ્ટ્રીય મહામંત્રીઓ અને તમામ મોરચાના પ્રમુખો પ્રદેશ નેતાઓ સાથે બેઠક કરશે.

આ પહેલીવાર છે જ્યારે ભાજપ ત્રણેય ઝોન (પૂર્વ, ઉત્તર અને દક્ષિણ)ના મોરચાના પ્રમુખો અને મહામંત્રીઓ સાથે બેઠક કરશે.૬ જુલાઈના રોજ ગુવાહાટીમાં પૂર્વ વિસ્તારના ૧૨ રાજ્યોના નેતાઓની બેઠક યોજાશે. તેમાં બિહાર, ઝારખંડ, ઓડિશા, પશ્ચિમ બંગાળ, અરુણાચલ પ્રદેશ, સિક્કિમ, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, મેઘાલય, ત્રિપુરા અને આસામના નેતાઓ સામેલ થશે.

દેશ-વિદેશથી

EC રાજકીય પક્ષો માટે પોર્ટલ લોન્ચ કર્યું:હવે ચૂંટણી ખર્ચ સહિત પાર્ટીને મળેલા ભંડોળની માહિતી અપલોડ કરવાની રહેશે

ચૂંટણી પંચે (EC) સોમવારે એક ઓનલાઈન પોર્ટલ લોન્ચ કર્યું છે. તમામ પક્ષોએ હવે આ પોર્ટલ પર તેમની નાણાકીય વ્યવહારની વિગતો, ચૂંટણી ખર્ચ અને પાર્ટીને મળેલા ભંડોળની માહિતી આપવાની રહેશે. પોર્ટલનો હેતુ ચૂંટણી પ્રક્રિયાને વધુ પારદર્શક બનાવવાનો છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમાર છેલ્લા એક વર્ષથી આ પોર્ટલના વિચાર પર કામ કરી રહ્યા હતા. આ પોર્ટલ ચૂંટણી પંચની 3C વ્યૂહરચનાનો એક ભાગ છે. આ હેઠળ, રાજકીય ભંડોળ અને ખર્ચમાં પારદર્શિતા અને જવાબદારીને મજબૂત કરવા માટે સ્પષ્ટતા, ગેરકાયદેસર ભંડોળ સામે કાર્યવાહી અને નિયમોનું પાલન કરાવવાનું સામેલ છે.જે રાજકીય પક્ષો આ પોર્ટલ પર તેમના નાણાકીય નિવેદનોની વિગતો રજૂ કરતા નથી, તેમણે લેખિતમાં કારણો આપવાના રહેશે. આ સાથે સીડી અને પેન ડ્રાઈવ સાથે નિયત ફોર્મેટમાં રિપોર્ટ ફાઈલ કરવાનો રહેશે. ઈઝ તમામ પક્ષોના રિપોર્ટ ઓનલાઈન જાહેર કરશે. આ અંગે ECએ તમામ રાજકીય પક્ષોને પત્ર લખ્યો છે.જનપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ હેઠળ, ECને તમામ રાજકીય પક્ષો દ્વારા સમયાંતરે નાણાકીય વિગતો આપવી જરૂરી છે.

દિલ્હી સરકારે કહ્યું- RRTSમાં ફંડ નહીં આપી શકીએ:સુપ્રીમ કોર્ટે પૂછ્યું- ૩ વર્ષમાં જાહેરાત પાછળ કેટલો ખર્ચ કર્યો, ૨ અઠવાડિયામાં જવાબ આપો

દિલ્હી સરકારે સોમવારે સુપ્રીમ કોર્ટમાં જણાવ્યું હતું કે તે પ્રાદેશિક રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમ (RRTS) પ્રોજેક્ટ માટે ભંડોળ પૂરું પાડવામાં સક્ષમ નથી. આ જવાબથી અસંતુષ્ટ સુપ્રીમ કોર્ટે દિલ્હી સરકારને કહ્યું કે ૨ અઠવાડિયાની અંદર અમને જણાવો કે તમે છેલ્લા ૩ વર્ષમાં જાહેરાતો પર કેટલો ખર્ચ કર્યો છે. દિલ્હી સરકારે કહ્યું કે તેમની પાસે ભંડોળની અછત છે અને તેથી RRTS પ્રોજેક્ટ બાંધકામ માટે ચૂકવણી કરી શકતા નથી.જસ્ટિસ એસકે કૌલ અને જસ્ટિસ સુધાંશુ ધુલિયાની બેન્ચે દિલ્હી સરકારને બે અઠવાડિયામાં એફિડેવિટ દાખલ કરવા કહ્યું હતું. તેમાં છેલ્લા ૩ નાણાકીય વર્ષ દરમિયાન જાહેરાત પર થયેલા ખર્ચની વિગતો હોવી જોઈએ.બેન્ચે કહ્યું, 'તમે અમને જોવા માંગો છો કે તમે કયા ફંડનો ક્યાં ઉપયોગ કર્યો છે. જાહેરાત માટે નિર્ધારિત દરેક ફંડ આ પ્રોજેક્ટમાં જવું જોઈએ. શું તમે આ રીતે ઓર્ડર કરવા માંગો છો? તમે જ મને આમ કરવા માટે પૂછો છો. આ રાષ્ટ્રીય મહત્વનો પ્રોજેક્ટ છે. તમે વિગતો ફાઈલ કરો.RRTS પ્રોજેક્ટ દ્વારા દિલ્હીને રાજસ્થાન અને હરિયાણા સાથે જોડવામાં આવનાર છે. આ અંતર્ગત હાઈસ્પીડ કોમ્પ્યુટર આધારિત રેલવે સેવા પૂરી પાડવામાં આવશે. રેપિડ રિજનલ ટ્રાન્ઝિટ સિસ્ટમ (RRTS) દ્વારા નોન-પીક સમયમાં માલ-સામાન પહોંચાડવાની યોજના છે. રેપિડ રેલ RAPIDEX ૧૮૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે દોડશે. જ્યારે RAPIDEX ઓછી ભીડ હોય, ત્યારે તેનો ઉપયોગ કાર્ગો પહોંચાડવા માટે કરવામાં આવશે. આ સેવા મેટ્રો સેવાથી અલગ હશે. મેટ્રોની સ્પીડ ઓછી અને સ્ટોપેજ વધુ છે. ઈઈજીમાં વધુ સ્પીડ અને ઓછા સ્ટોપેજ હશે. આનાથી NCRમાં ટ્રાફિક અને પ્રદૂષણમાં પણ ઘટાડો થશે. નેશનલ કેપિટલ રિજન ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (NCRTC) ના RRTS પાસે ત્રણ રેપિડ-રેલ કોરિડોર બનાવવાના છે. આમાંથી એક ઈઈજી દિલ્હી-ગાઝિયાબાદ-મેરઠને જોડતો ૮૨.૧૫ કિલોમીટર લાંબો રેલ કોરિડોર છે. તેના પૂર્ણ થયા બાદ દિલ્હી અને મેરઠ વચ્ચેનું અંતર ૬૦ મિનિટથી ઓછા સમયમાં પુરુ થશે. પ્રોજેક્ટની અંદાજિત કિંમત ૩,૭૪૯ મિલિયન ડોલર છે.

બાળકોને જન્મ આપવા બદલ ચાઈનીઝ કંપની વર્કર્સને પૈસા ચૂકવશે: હજાર કરોડ સ્પિયાથી વધુ ખર્ચ કરશે

ચીનની સૌથી મોટી ઓનલાઈન ટ્રાવેલ એજન્સી Trip.com તેના કર્મચારીઓને બાળકો પેદા કરવા માટે ચૂકવણી કરશે. દેશની વૃદ્ધ વસતિ અને ઘટી રહેલા જન્મ દરને ધ્યાનમાં રાખીને કંપની આ પગલું ઉઠાવી રહી છે. ૧ જુલાઈથી કંપની કર્મચારીઓને બાળકને જન્મ આપવા માટે ૫.૬ લાખ સ્પિયા (૫૦ હજાર યુઆન) આપશે. આ યોજના હેઠળ, કંપની કુલ રૂ ૧,૧૨૮ કરોડ (૧ અબજ યુઆન)નું વિતરણ કરશે. Trip.comની ગણતરી વિશ્વની સૌથી મોટી ટ્રાવેલ એજન્સીઓમાં થાય છે. વિશ્વભરમાં તેના ૪૦૦ મિલિયનથી વધુ વપરાશકર્તાઓ છે. કંપનીના એક્ઝિક્યુટિવ ચેરમેન જેમ્સ લિયાંગે એક નિવેદનમાં કહ્યું- મારું હંમેશાથી માનવું છે કે સરકારે બાળકો ધરાવતા પરિવારોને પૈસા આપવા જોઈએ. ખાસ કરીને એક કરતાં વધુ બાળકો ધરાવતા પરિવારો. આનાથી વધુ યુવાનો સંતાનની ઈચ્છા પૂરી કરી શકશે. કંપની પણ આ મામલે મહત્વની ભૂમિકા ભજવી શકે છે. ચીનનો ઘટતો જન્મ દર સરકાર અને નીતિ ઘડવૈયાઓ માટે ચિંતાનું કારણ બની ગયો છે. ચીનમાં ઘણી સ્ત્રીઓને એક કરતાં વધુ બાળક જોઈતું નથી. ઘણા એવા છે જેમને એક પણ બાળક જોઈતું નથી. તેની પાછળ ઘણા કારણો છે. ચીનમાં બાળકના ઉછેર માટે નોંધપાત્ર રકમ ખર્ચવામાં આવે છે. બાળકોની દેખરેખની મોટાભાગની જવાબદારી મહિલાઓ પર આવે છે, જેના કારણે મહિલાઓને નોકરી પણ છોડવી પડે છે. ચીનમાં ૧૯૮૦થી ૨૦૧૫ સુધી એક બાળકની નીતિ અમલમાં હતી. આ અંતર્ગત એક દંપતી માત્ર એક જ બાળક પેદા કરી શકતું હતું. આ કારણે ચીનમાં વૃદ્ધોની વસતિ વધી અને યુવાનોની વસતિમાં ઘટાડો થયો. ૨૦૨૧માં, સરકારે લોકોને કહ્યું કે તેઓ ૩ બાળકો સુધી જન્મ લઈ શકે છે. હજુ પણ દેશમાં જન્મ દર વધી રહ્યો નથી.

પેલેસ્ટિનિયન શહેરમાં ઈઝરાઈલનું હવાઈ હુમલો: હુમલામાં ૭ પેલેસ્ટિનિયન માર્યા ગયા

ઈઝરાઈલ અને પેલેસ્ટાઈન વચ્ચે ઘણાં દિવસોથી ચાલી રહેલ તણાવ સોમવારે ખતરનાક બની ગયો. ઈઝરાઈલની વાયુસેનાએ પેલેસ્ટાઈનના કબજા હેઠળના વેસ્ટ બેંક વિસ્તારના જેનિન શહેર પર હવાઈ હુમલો કર્યો હતો. જેમાં ૭ પેલેસ્ટિનિયન માર્યા ગયા હતા. હુમલા બાદ ઈઝરાઈલના ગ્રાઉન્ડ ફોર્સ પણ ઓપરેશનમાં જોડાયા હતા. આ દરમિયાન ૨૦ પેલેસ્ટાઈનની ધરપકડ કરવામાં આવી હતી. આ કામગીરી ચાલી રહી છે. આ દરમિયાન પેલેસ્ટાઈનના આતંકવાદી સંગઠને ઈઝરાઈલને બરબાદ કરવાની ધમકી આપી છે. બીજી તરફ ઈઝરાઈલે કહ્યું- જેનિનમાં રેફ્યુજી કેમ્પનો ઉપયોગ આતંકવાદીઓને છુપાવવા અને હથિયાર રાખવા માટે કરવામાં આવી રહ્યો છે. ઈઝરાઈલે તેમની તસવીરો પણ જાહેર કરી છે.પેલેસ્ટાઈનમાં હાજર હમાસના આતંકવાદીઓ ઘણા દિવસોથી ઈઝરાઈલ પર હુમલા કરી રહ્યા હતા. આ દરમિયાન રોકેટની સાથે મોર્ટાર અને બંદૂકોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ પછી, ઈઝરાઈલ એરફોર્સે સોમવારે સવારે જેનિન પર હવાઈ હુમલો કર્યો. 'ટાઈમ્સ ઓફ ઈઝરાઈલ' અનુસાર - હુમલામાં ૭ પેલેસ્ટિનિયન માર્યા ગયા છે. ૨૦ની ધરપકડ કરવામાં આવી છે.

તંત્રી સ્થાનેથી...

મંદિરોમાં આદર્શ આચારસંહિતા

જો મંદિરની પરંપરાઓ પર્યાવરણને શુદ્ધ અથવા શુદ્ધ કરવાનો પ્રયાસ કરે છે, તો આ સામાજિક માળખા અને ધાર્મિક ધોરણોની અનુશાસનને સુનિશ્ચિત કરશે. આ પરિપ્રેક્ષ્યમાં, ઉના જિલ્લાના અંબોટા સ્થિત દ્રોણ મહાદેવ શિવ મંદિરના ગર્ભગૃહના પ્રવેશદ્વાર પર ડ્રેસ કોડ લાગુ કરવામાં આવી રહ્યો છે. મુદ્દો આના કરતા ઘણો મોટો છે, એટલે કે મંદિર પરિસરની આચારસંહિતાનો. હકીકતમાં, જ્યારથી પર્યટન મંદિરોની માન્યતામાં ઘૂસી ગયું છે, ત્યારથી ઘણી પરંપરાઓ ખલેલ પહોંચી છે. નિઃશંકપણે, ધાર્મિક પ્રવાસનનું વિકસિત સ્વરૂપ હિમાચલની અર્થવ્યવસ્થાને આવકની દ્રષ્ટિએ મજબૂતી આપે છે, પરંતુ ધાર્મિક શહેરોમાં કંપનીની સંવાદિતા દેખાતી નથી. પ્રવાસન અને શહેરી અર્થવ્યવસ્થાની સાથે મંદિર સંકુલો પણ સ્વ-રોજગારની વિવિધ તકો ઉભી કરી રહ્યા છે, પરંતુ તેનો અર્થ એ નથી કે તેઓ અફરાતફરીનું કેન્દ્ર બની જાય છે. છેલ્લા કેટલાક સમયથી એવું પણ જોવા મળી રહ્યું છે કે શ્રદ્ધાળુઓના સમૂહમાં અને પ્રવાસીઓના સ્વાંગમાં પડોશી રાજ્યોનું ગુનાહિત નેટવર્ક આવી ગયું છે. મંદિરના સ્થળો પાસે હત્યા, આત્મહત્યા અને ઝઘડામાં વધારો થવાનું એક કારણ એ છે કે અહીં કાયદો અને વ્યવસ્થા રામ ભરોસા પર ચાલી રહી છે. આજ સુધી મંદિરની આચારસંહિતા જેવી કોઈ સ્પષ્ટ સૂચના બહાર આવી નથી. રાજ્યએ ઓછામાં ઓછા મુખ્ય મંદિર નગરોનો આદર્શ મોડેલ હેઠળ વિકાસ કરવો જોઈએ અને નાગરિક સમાજના સહકારથી તેને નિયંત્રણમાં રાખવું જોઈએ. દાખલા તરીકે, ચિંતપૂર્ણી, નૈના દેવી, બાલાસુંદરી, જ્વાલામુખી, ધ્યોતસિદ્ધ, કાંગડા અને ચામુંડાને પાંચથી દસ કિલોમીટરની મંદિરની આવક સાથે ધાર્મિક નગરી જેવો આકાર આપવો જોઈએ જેથી શ્રદ્ધાળુઓ કે પ્રવાસીઓ માત્ર મનની શાંતિ માટે જ આવે. ઉનાના દ્રોણ મહાદેવ મંદિર વ્યવસ્થાપનને મંદિર દર્શનની પદ્ધતિમાં સુધારાનો અવકાશ જોવા મળી રહ્યો છે, તેથી દરેક મંદિરમાં આચારસંહિતાની આચારસંહિતાની સખત જરૂર છે.

વિડંબના એ છે કે હિમાચલના મંદિરો અર્ધ-હૃદયના ઠરાવ અને વર્ક-અરાઉન્ડ સિસ્ટમ હેઠળ ચલાવવામાં આવે છે. મૂળભૂત રીતે મહેસૂલ અને વહીવટીતંત્રના અધિકારીઓ સરકાર હેઠળ મંદિરો ચલાવી રહ્યા છે, જ્યારે અત્યાર સુધીમાં ઘણા કામો અને ફેરફારો થવા જોઈએ. જો તમામ મંદિરોનું સંચાલન કેન્દ્રીય ટ્રસ્ટ હેઠળ થતું હોય, તો મંદિરોની કાર્ય પદ્ધતિ, પૂજા પદ્ધતિ, વ્યવસ્થા અને વ્યવસ્થાપન પણ એકસરખું જ હશે. આ અંતર્ગત મંદિરના સંચાલન હેઠળ કાયમી કેડર વિકસાવવામાં આવશે. આવી સ્થિતિમાં, મંદિરોના સંચાલન માટે મંદિર વિકાસ અને સંચાલન સત્તાની જરૂર છે, જેનું મુખ્યાલય જ્વાલાજી જેવા મધ્યસ્થ સ્થાન પર સ્થાપિત કરી શકાય. જ્યારે મંદિરોમાં આરતી, પૂજાની રીતો, મંત્રોચ્ચારનો યોગ્ય ઉપયોગ થશે, ત્યારે દરેક પ્રવાસીએ ભક્ત હોવાની માન્યતામાં મંદિરની આચારસંહિતાનું પાલન કરવું પડશે. વિડંબના એ છે કે મંદિરોની આસપાસ દારૂની દુકાનો, સિગારેટ-બીડીની દુકાનો અને માંસાહારી રેસ્ટોરાં ખુલ્લેઆમ એ ભાવનાનો ભંગ કરી રહ્યા છે કે જેના હેઠળ ઉના પેગોડાએ ડ્રેસ કોડ લાગુ કરવો પડે છે. દીકરીના કપડાની દેખરેખ હેઠળ મંદિરની રક્ષા કરીશું, પરંતુ પરિસરની બહાર કોન્ટ્રાક્ટ પર ઊભા રહેલા દારૂડિયાઓની લાઈનમાં ગાળો કેવી રીતે રોકીશું. મંદિરોની પવિત્રતા માટે કોન્ટ્રાક્ટર બનીને એક વિભાગ કબજો કરીને આર્થિક લાભ મેળવે છે ત્યારે આશ્ચર્ય થાય છે. ધર્મશાળાના કાચરી અડ્ડા ખાતે આવેલા પૌરાણિક હનુમાન મંદિર પરિસર પર પોલીસનો કબજો આદર્શ આચાર સંહિતાનો ભંગ કેમ ન ગણવો જોઈએ. શું ગણવેશધારી વ્યક્તિનો કબજો પૂજાના ડ્રેસ કોડમાં કાયદેસર રીતે કોઈપણ અધિકારો માટે હકદાર છે. હનુમાન મંદિરનો માલિક વાસ્તવમાં કાંગડા પોલીસનો ચીફ બને છે અને તે નક્કી કરે છે કે આવક કેવી રીતે ખર્ચ કરવી. સરકારે આવા મંદિરોને પોતાના નિયંત્રણમાં લેવા જોઈએ.

ગાંધીનગર શહેરમાંથી મહાનગરપાલિકા દ્વારા ૩૫૦ કિલોગ્રામ પ્લાસ્ટિક એકત્ર કરાયું

ગાંધીનગર

રાજ્યના પાટનગરને સ્માર્ટ સીટી બનાવવા માટે પર્યાવરણને નુકશાન કરતા પ્લાસ્ટિક મુક્ત નગર બનાવવા મહાનગર પાલિકાએ કવાયત હાથ ધરી છે. પર્યાવરણથી લઈને તમામને નુકશાનકર્તા પ્લાસ્ટિક ડ્રાઈવ તાજેતરમાં યોજવામાં આવી હતી. તેમાં માઉન્ટ કાર્મેલ સ્કૂલના વિદ્યાર્થીઓએ ૩૫૦ કિલો પ્લાસ્ટિક એકત્રિત કરીને રિસાયકલ માટે મોકલી આપવામાં આવ્યું છે. વર્તમાન ટેકનોલોજીના સમયમાં લોકોમાં પ્લાસ્ટિકનો ઉપયોગ દિન-પ્રતિદિન વધી રહ્યો છે. પ્લાસ્ટિકના વધતા જતા ઉપયોગને નાથવા માટે ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા પ્લાસ્ટિકના ઝભલાં રાખતા વેપારીઓની સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવે છે. ત્યારે ગાંધીનગર શહેરને સિંગલ યુઝ પ્લાસ્ટિક મુક્ત શહેર બનાવવાના હેતુસર આજરોજ સેક્ટર-૨૧ ખાતે આવેલી માઉન્ટ કાર્મેલ સ્કૂલમાં ગાંધીનગર મહાનગરપાલિકા તેમજ એસ્ટ્રલ ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે પ્લાસ્ટિક વેસ્ટ કલેક્શન ડ્રાઈવ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં શાળાનાં બાળકોને પોતાના ઘરેથી બિન જરૂરી તેમજ નકામુ પ્લાસ્ટિક લાવવા માટે જણાવવામાં આવ્યું હતું.

જેમાં વિદ્યાર્થીઓ, શાળાના શિક્ષકો અને અન્ય કર્મચારીઓ પાસેથી અંદાજીત ૩૫૦ કિ.ગ્રા. પ્લાસ્ટિક વેસ્ટ કલેક્શન કરવામાં આવ્યું હતું. આ એકત્ર કરવામાં આવેલ પ્લાસ્ટિકને રિસાઈકલ કરીને તેમાંથી ગૃહ ઉપયોગી વસ્તુઓ બનાવવામાં આવશે. આ પ્રયત્ન દ્વારા આજે ૩૫૦ કિ.ગ્રા પ્લાસ્ટિક વેસ્ટને ડમ્પ સાઈટ સુધી જતો અટકાવવામાં આવ્યો છે. મહાનગરપાલિકા દ્વારા ૫૦૦ ગ્રામથી વધારે પ્લાસ્ટિક લાવનાર ૨૧૨ વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોને રિસાયકલ પ્લાસ્ટિકમાંથી બનાવેલ કુંડા આપવામાં આવ્યા હતા. આ કુંડામાં ફુલછોડની વાવણી કરવા માટે ઉપયોગમાં લઈ શકાશે તેની જાણકારી આપી હતી.

ફરવા જાઓ તો આવા અખતરા ન કરતા, જીવ જોખમમાં મૂકી ગુજરાતીઓ શંકર ધોધ જોવા પહોંચ્યા

વલસાડ : વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકા ખાતે આવેલ શંકર ધોધ સક્રિય થતા સહેલાણીઓ ઉમટ્યા..ધોધ પર સુવિધાના અભાવના કારણે સહેલાણીઓએ જીવના જોખમે ધોધ નીચે ઉતરવા મજબૂત બન્યા છે. ચોમાસું આવે એટલે ધોધ વહેતા થાય છે, પરંતુ આ ધોધ જોવા બહુ જ રિસ્કી હોય છે. તેથી જીવના જોખમે તેને જોવાનું પસંદ ન કરતા. ચોમાસામાં ફરવા જાઓ તો ખાસ ધ્યાન રાખજો. ફરવા જાઓ તો આવા અખતરા જરા પણ ન કરતા. વલસાડ જિલ્લામાં વરસાદ પડતાની સાથે જિલ્લાના અંતળિયાળ વિસ્તારમાં આગેલા અનેધ ધોધ સક્રિય થયા છે. ત્યારે જિલ્લાના ધરમપુર તાલુકાના વાઘવળ ગામ ખાતે આવેલ શંકર ધોધ સક્રિય થતા આલૌકિક દ્રશ્યો સર્જાયા હતા. વલસાડના વાઘવળ ગામે આવેલો શંકર ધોધ જોવા ગુજરાત જ નહિ, પરંતુ મહારાષ્ટ્રથી પણ મોટી સંખ્યામાં સહેલાણીઓ ધોધની મજા લેવા માટે ઉમટ્યા છે. વરસાદ પડતાની સાથે જ ધોધ શરૂથતાં ધરમપુરના પહાડોમાં કુદરત સોળે કળાએ ખીલી ઉઠી હતી અને શિમલા મનાલી જેવો માહોલ વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના પહાડોમાં જોવા મળ્યો હતો. દર વર્ષે મોટી સંખ્યામાં સહેલાણીઓ શંકર ધોધ આવે છે, ત્યારે શંકર ધોધ પર ઉતરવા માટે યોગ્ય સુવિધા ન હોવાના કારણે દૂરથી આવતા સહેલાણીઓને હાલાકી વેઠવાનો વારો આવે છે.ધોધ પાસે ઉતરવા માટે રસ્તો ન હોવાના કારણે ઘણા સહેલાણીઓ જીવન જોખમે અહીંયા ઉતરતા હોય છે, ત્યારે સરકાર સહેલાણીઓ માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે અને શંકર ધોધને એક પ્રિયટક સ્થળ તરીખે વિકસાવવામાં આવે એવી માંગ સહેલાણીઓ કરી રહ્યાં છે.

હવામાન વિભાગે જણાવી દીધી વરસાદના બીજા રાઉન્ડની તારીખો, કારણ પણ આપ્યું

અમદાવાદ

રાજ્યમાં ચોમાસાની ધમાકેદાર શરૂઆત બાદ હવે કેટલાક ભાગોમાં વરસાદે વિરામ લીધો છે. રાજ્યમાં કુલ ૩૨ ટકા જેટલો સરેરાશ વરસાદ નોંધાયો છે. આવામાં વરસાદના બીજા રાઉન્ડ વિશે લોકો ચર્ચા કરી રહ્યા છે, ત્યારે વરસાદને લઈને હવામાન વિભાગની નવી આગાહી સામે આવી છે. હવામાન વિભાગે વરસાદના બીજા રાઉન્ડની તારીખો આપી દીધી છે. બસ હવે માત્ર ત્રણ દિવસ બાદ ફરી મેઘરાજા મન મૂકીને વરસશે. જાણો, વરસાદના બીજા રાઉન્ડ વિશે અને કઈ-કઈ તારીખે, ક્યાં ભારે વરસાદ પડશે?હવામાન વિભાગના ડાયરેક્ટર મનોરમા મોહંતીએ ત્રણ દિવસ બાદ ભારે વરસાદની આગાહી વ્યક્ત કરી છે. આગામી ૬ અને ૭ જુલાઈએ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. રાજ્યમાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં વરસાદ પડી શકે છે. ૮ જુલાઈએ મધ્ય ગુજરાતમાં ભારે વરસાદની આગાહી છે.આગામી પાંચ દિવસની વરસાદની આગાહી કરતાં મનોરમા મોહંતીએ જણાવ્યું કે, આગામી ત્રણ દિવસ સૌરાષ્ટ્ર-કચ્છ સહિત ગુજરાતમાં જ ખૂબ ઓછા વરસાદની સંભાવના છે. માત્ર હળવો અને સામાન્ય વરસાદની આગાહી છે. જ્યારે આ દરમિયાન સુરત અને ભરૂચમાં ભારે વરસાદ થઈ શકે છે.તેમણે જણાવ્યું કે, ત્રણ દિવસ બાદ સૌરાષ્ટ્ર-કચ્છ સહિત ગુજરાતમાં વરસાદની ગતિવિધિ ફરી તેજ થવાની સંભાવના છે. જ્યારે આગામી ચોથા અને પાંચમા દિવસે ભારે વરસાદનું એલર્ટ પણ આપ્યું છે. એટલે કે ૬ અને ૭ તારીખ માટે એલર્ટ આપવામાં આવ્યું છે.૬ તારીખની વાત કરીએ તો સાઉથ ગુજરાત, સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે વરસાદ થઈ શકે છે.૭મી જુલાઈએ સૌરાષ્ટ્ર-કચ્છ સહિત ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદની સંભાવના છે. ખાસ કરીને, સૌરાષ્ટ્રના દરિયાકાંઠના વિસ્તારો, વસલાડ, નવસારી, ડાંગમાં ભારેથી અતિભારે વરસાદ ખાબકી શકે છે. જ્યારે સુરત અને તાપીમાં ભારે વરસાદ થઈ શકે છે.પરાંત આગામી ૪, ૫ અને ૬ જુલાઈએ માછીમારો માટે ચેતવણી રહેશે. આ દરમિયાન વરસાદ સાથે ભારે પવન ફૂંકાઈ શકે છે.ભારે વરસાદ પાછળનું કારણ આપતાં મનોરમા મોહંતીએ જણાવ્યું કે, હાલ બંગાળની ખાડીમાં એક સર્ક્યુલેશન બન્યું છે. તેની મુવમેન્ટના લીધે ગુજરાતમાં વરસાદ પડવાની સંભાવના છે.અમદાવાદમાં આગામી દિવસોમાં વરસાદ કેવો રહેશે તેની વાત કરતાં મનોરમા મોહંતીએ જણાવ્યું કે, આગામી બે-ત્રણ દિવસ વરસાદની વધુ સંભાવના નથી. પરંતુ તે બાદ સામાન્યથી મધ્ય વરસાદ પડી શકે છે. હાલ ભેજનું પ્રમાણ પણ વધારે છે. સાથે તાપમાન સામાન્ય એટલે કે ૩૪-૩૫ જ રહેવાની સંભાવના વ્યક્ત કરી હતી.ઉલ્લેખનીય છે કે, રાજ્યનો કુલ સરેરાશ વરસાદ ૩૨ ટકા જેટલો નોંધાયો છે. જેમાં કચ્છ ઝોનમાં સૌથી વધુ ૮૭.૪૪ ટકા, સૌરાષ્ટ્ર ઝોનમાં ૪૬.૪૧ ટકા, ઉત્તર ગુજરાત ઝોનમાં ૨૯.૨૯ ટકા, દક્ષિણ ગુજરાત ઝોનમાં ૨૬.૦૯ ટકા, પૂર્વ ગુજરાત ઝોનમાં ૨૦.૪૦ ટકા સીઝનનો કુલ સરેરાશ વરસાદ નોંધાયો હોવાના અહેવાલ છે.

નવા કુલપતિની નિમણૂક બાદ પણ ગુજરાત યુનિવર્સિટી રહેશે વિવાદમાં? જાણો આ છે કારણ

અમદાવાદ

છેલ્લા ઘણા સમયથી ગુજરાત યુનિવર્સિટીમાં નવા કુલપતિ કોણ આવશે તેને લઈને ખૂબ જ ચર્ચાઓ જાગી હતી. આખરે ડો. નીરજા ગુપ્તાની કુલપતિ પદે નિમણુંક થતાં રાજ્યની સૌથી મોટી ગુજરાત યુનિવર્સિટીમાં અટકળોનો અંત આવ્યો છે. નવા કુલપતિ તો મળી ગયા પરંતુ છેલ્લા ઘણા સમયથી યુનિવર્સિટીમાં જોવા મળી રહેલા અનેક વિવાદોનો અંત આવશે કે કેમ, તેને લઈને હવે ચર્ચાએ જોર પકડ્યું છે.ગુરુપુર્ણિમાના દિવસે ગુજરાત યુનિવર્સિટીમાં પ્રથમ મહિલા કુલપતિ એવા ડો. નીરજા ગુપ્તા કુલપતિ તરીકેનો ચાર્જ સંભાળી રહ્યાં છે. તેમના ચાર્જ સંભાળતાની સાથે અનેક પડકારો પણ તેમની રાહ જોઈ રહ્યાં છે. યુનિવર્સિટીમાં અનેક વિવાદોનો તેઓ કેવી રીતે અંત લાવશે તે ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. હવે કુલપતિએ યુનિવર્સિટીમાં પદભાર સંભાળતા અનેક પ્રશ્નોના પણ નિવારણ લાવવા પડશે. આ પ્રશ્નો કેટલાય સમયથી પેન્ડિંગ છે. વિવાદનો મધપૂડો છેડાય તેવા સંજોગોના કારણે આ પ્રશ્નો ઘણા સમયથી પેન્ડિંગ છે.આ પ્રશ્નો પર નજર કરીએ તો ગુજરાત યુનિવર્સિટીમાં કોરોનાના સમયથી ચૂંટાયેલા સેનેટ, વેલ્ફેર અને ડીનનો કાર્યકાળ પૂરો થઈ ચુક્યો છે. ત્યાર બાદ કોરોનાને કારણે ચૂંટણી થઈ ના શકી. વિદ્યાર્થી સંગઠનોએ પણ અનેક રજૂઆત કરી છતાં ચૂંટણી ના થઈ શકી. અગાઉના કુલપતિનો કાર્યકાળ પૂરો થવાનો હોવાથી તેમણે કોઈ વિવાદ ના થાય તે માટે ચૂંટણી ના યોજી. હવે વિદ્યાર્થી સંગઠન નવા કુલપતિ પાસે ચૂંટણી યોજવા માંગણી કરશે. જેથી નવા કુલપતિએ પણ ચૂંટણી યોજવી કે નહીં તેનો નિર્ણય કરવો અઘરો બની રહેશે. યુનિવર્સીટીમાં વિવિધ ૧૦૦થી વધુ પોસ્ટ પર ભરતી કરવાની હતી. આ અંગે સરકાર પાસેથી મંજૂરી મેળવી જાહેરાત આપી હતી, પરંતુ આંતરિક ડખાના કારણે ફોર્મ ભર્યા હોવા છતાં ઈન્ટરવ્યૂના અઠવાડિયા અગાઉ ભરતી મોકૂફ કરવામાં આવી હતી. જે ભરતી હજુ સુધી યોજાઈ નથી. હવે યુનિવર્સિટીએ ફરીથી સરકાર પાસેથી મંજૂરી લઈને નવી અરજીઓ મંગાવી ફરીથી ભરતી કરવાની રહશે. નવા કુલપતિએ આ અંગે પણ નિણર્ય કરવો પડશે.આ ઉપરાંત ગુજરાત યુનિવર્સિટીના અનેક ટેન્ડર હજુ બાકી છે. પૂર્વ કુલપતિએ ટેન્ડર પ્રક્રિયાથી દૂર રહ્યા હતા પરંતુ હવે જરૂરિયાત હોવાથી ટેન્ડર પ્રક્રિયા કરવી પડશે. સિક્યુરિટી, સાફ સફાઈ માટેના બે મોટા ટેન્ડર બાકી છે, જે યુનિવર્સિટી માટે જરૂરી છે. આ ઉપરાત યુનિવર્સિટીમાં કેન્ટીન તૈયાર થઈ છે પરંતુ તેનું ટેન્ડર બાકી છે. જેથી નવા કુલપતિએ ટેન્ડર અંગે પણ નિર્ણય કરવો પડશે. યુનિવર્સિટીમાં આંતરિક વિવાદ ચાલી રહ્યો છે, જેમાં સિન્ડિકેટ સભ્યો દ્વારા પૂર્વ કુલપતિએ ઘેરીને અનેક પ્રશ્નો કરવામાં આવ્યા હતા, ત્યારે નવા કુલપતિ સિન્ડિકેટ સભ્યોનો સામનો કરશે કે કેમ અને નવા કુલપતિ સાથે સિન્ડિકેટ સભ્યોનો કેવો વ્યવહાર રહેશે, તે પણ એક પડકાર બની રહેશે.

કેશોદ તાલુકાના સુતરેજ ગામે ફસાયેલા લોકોને જામનગરથી માત્ર એક કલાકમાં મદદ મળતા નવજીવન મળ્યું

જામનગર એરફોર્સનું દિલધડક રેસ્ક્યૂ : જૂનાગઢમાં ધોધમાર વરસાદના પરિણામે પૂરમાં ફસાયેલા બે ખેતમજૂરોને એરલીફ્ટ કરાયા

જામનગર

છેલ્લા બે દિવસથી સમગ્ર ગુજરાતમાં ખાસ કરીને સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદના પરિણામે અનેક નદી નાળાઓ છલકાયાં છે.ગત તા.૧ જુલાઈના રોજ જુનાગઢ જિલ્લાના કેશોદ તાલુકાના સુતરેજ ગામે ભારે વરસાદના પરિણામે પૂરની પરિસ્થિતિ સર્જાઈ હતી.તે દરમિયાન એક ખેતરમાં પાણી ઘૂસી જતાં ખેતમજૂરી કરતાં બે લોકો સામળા સાંગાભાઈ (ઉ.વ.૩૦) અને માવદિયા પોલાભાઈ (ઉ. વ.૫૦) પાણીના પ્રવાહમાં ફસાયા હતા. અને ખેતરમાંથી બહાર નીકળવાની કોશિસ કરતાં તેઓ પાણીના પ્રવાહમાં તણાયા હતા.બાદમાં તેઓએ ગામના સરપંચને મદદ માટે ફોન કર્યો હતો.પરંતુ પાણીનો પ્રવાહ વધુ હોવાના લીધે તેઓને બહાર કાઢવા મુશ્કેલ હોય જુનાગઢ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જામનગર જિલ્લા વહીવટી તંત્રનો સંપર્ક કરી હેલિકોપ્ટરની મદદ માંગતા જામનગર એરફોર્સના

જવાનોએ તાત્કાલિક સુતરેજ ગામે પહોંચીને બંને યુવકોને એરલીફ્ટ કર્યા હતા.બાદમાં જામનગર સલામત રીતે પહોંચાડવામાં આવ્યા હતા.કલેકટરશ્રી બી.એ.શાહના માર્ગદર્શન હેઠળ જામનગરથી બંનેને સલામત રીતે ગતરાત્રિના રોજ પોતાના ઘરે પરત મોકલવામાં આવ્યા છે.

પાણીના પ્રવાહમાં ફસાયેલા સામળા સાંગાભાઈએ જણાવ્યું હતું કે, તા.૩૦ જૂનના રોજ રાત્રિ દરમિયાન તેઓ ખેતરે હતા તે દરમિયાન વરસાદના પરિણામે પાણી ખેતરોમાં ઘૂસી ગયા હતા.અને સવારે તેઓએ ખેતરમાંથી બહાર નીકળવાની કોશિસ કરી ત્યારે તેઓ પાણીમાં તણાયા બાદમાં થાંભલો વચ્ચે આવતા પકડી લીધો અને ગામના સરપંચશ્રીને મદદ માટે ફોન કર્યો.બાદમાં એનડીઆરએફની ટીમ દ્વારા બહાર લાવવાની કોશિશ કરવામાં આવી પરંતુ બોટ પહોંચી નહિ.માટે જામનગર એરફોર્સથી હેકોપ્ટર આવ્યું અને અમને એરલીફ્ટ કરી જામનગર કલેકટર ઓફિસ સલામત રીતે પહોંચાડવામાં આવ્યા છે.અહી અમને ભોજન કરાવ્યું છે. વાહનની વ્યવસ્થા કરી આપી છે.અને અમને સલામત રીતે અમારા ઘર સુધી પહોંચડવામાં આવશે. માત્ર એક કલાકની અંદર મદદ મળતા અમારો જીવ બચી ગયો છે.તે બદલ હું મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ,જુનાગઢ જિલ્લા વહીવટી તંત્ર,સરપંચ,આગેવાનો તેમજ જામનગર જિલ્લા વહીવટી તંત્રનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરુંછું.

હવામાન વિભાગે તારીખ આપીને કહ્યું, આ દિવસથી ગુજરાતમાં ઘટી જશે વરસાદનું જોર

અમદાવાદ

આજે દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની હવામાન વિભાગની આગાહી છે. વલસાડ, નવસારીમાં ભારે વરસાદની આગાહી છે. છેલ્લા પાંચ દિવસથી વરસાદ ગુજરાતે ધમરોળી રહ્યો છે. દક્ષિણ ગુજરાતથી લઈને સૌરાષ્ટ્ર સુધી વરસાદે માઝા મૂકી છે. ત્યારે હવે ગુજરાતવાસીઓને ભારે વરસાદથી રાહત મળશે. વરસાદનું જોર ઘટવાનું છે તેવુ હવામાન વિભાગનું અનુમાન છે. હવામાન વિભાગના લેટેસ્ટ અપડે અનુસાર, આજથી રાજ્યમાં વરસાદનું જોર ક્રમશઃ ઘટશે. તો આજે સુરત, નવસારી, ડાંગ, વલસાડ, દ્વારકા, જામનગર, પોરબંદર અને જૂનાગઢમાં યલો એલર્ટ છે. જેમાં છૂટો છવાયો વરસાદ રહેવાની આગાહી છે.

હવામાન વિભાગની આગાહી મુજબ, આજથી રાજ્યમાં વરસાદનું જોર ક્રમશઃ ઘટશે. આજે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં યેલો અલર્ટ છે. જેમાં સુરત, નવસારી, ડાંગ, અને વલસાડમાં યેલો અલર્ટ જાહેર કરાયું છે. તો સૌરાષ્ટ્રમાં દેવભૂમિ દ્વારકા, જામનગર, પોરબંદર અને જૂનાગઢમાં યેલો અલર્ટ છે. આજે આ વિસ્તારોમાં છુટો છવાયો વરસાદ રહી શકે છે. આજે દક્ષિણ ગુજરાતમાં વરસાદની આગાહી છે. તો સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારમાં પણ વરસાદ પડી શકે છે. આ ઉપરાંત દમણ, વલસાડ, નવસારીમાં ભારે વરસાદની આગાહી છે. હાલમાં ગુજરાતમાં ૨ વરસાદી સિસ્ટમ સક્રિય છે, જેથી આ ભારે વરસાદ રહ્યો છે. આગામી ૨ દિવસ માછીમારોને દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે. ત્યારે શનિવારે ગુજરાતના ૨૦૧ તાલુકામાં સાર્વત્રિક વરસાદ વરસ્યો છે.

વલસાડના ધરમપુરમાં સૌથી વધુ ૯ ઈંચ તો નવસારીના ખેરગામમાં ૮ ઈંચ વરસાદથી ચારેતરફ પાણી જ પાણી થઈ ગયું છે. ખરાબ હવામાનને લઈ વડોદરા ડિવિઝનની ૧૬ ટ્રેનો રદ કરવામાં આવી છે. રેલવે તંત્ર દ્વારા આ નિર્ણય લેવાયો છે. વડોદરાથી દક્ષિણ ગુજરાત અને આણંદ, અમદાવાદ જતી અને આવતી ટ્રેનો રદ કરાઈ છે. તો વડોદરા ડિવિઝનની કેટલીક ટ્રેનો ૨ જુલાઈ ના રોજ ખરાબ હવામાનને કારણે રદ કરવામાં આવશે. પશ્ચિમ રેલવેના વડોદરા ડિવિઝન પર ખરાબ હવામાનને કારણે, નીચેની ટ્રેનો ૦૨ જુલાઈ ૨૦૨૩ ના રોજ રદ રહેશે. આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે.ગુજરાતમાં વરસાદની સ્થિતિ પર ગૃહમંત્રી અમિત શાહની સીધી નજર છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે અમિત શાહે આ વિશે વાતચીત કરીને માહિતી મેળવી છે. ગુજરાતમાં પૂર જેવી પરિસ્થિતિવાળા વિસ્તારને સંભવ તમામ મદદની ખાતરી આપી છે. તો કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ટ્વીટ કરીને માહિતી આપી. પ્રભાવિત વિસ્તારમાં **NDRF** અને **SDRF** તૈનાત છે તેવું અમિત શાહે જણાવ્યું.

શિક્ષણ બોર્ડની વિવિધ સમિતિના હોદ્દેદારોની વરણી

અમદાવાદ

શિક્ષણ બોર્ડની વિવિધ સમિતિઓની મુદત પૂર્ણ થતા નવા હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. તેમાં કારોબારી, પરીક્ષા, શૈક્ષણિક, અભ્યાસ, નાણાં સમિતિની રચના કરવામાં આવી છે. સમિતિની રચનાને પગલે સભ્યોમાં કહીં ખૂશી કહીં ગમના દૃશ્યો સર્જાયા છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા નિયત કરેલા નિયમો મુજબ વિવિધ સંવર્ગની ચૂંટણી યોજવામાં આવે છે. આ ચૂંટણીમાં ચુટાયેલા સદસ્યોની અલગ અલગ સમિતિઓની રચના કરવામાં આવે છે. જોકે સમિતિની મુદત પૂર્ણ થતાં તેના સદસ્યોની પુનઃ નિમણુંક કરીને રચના કરવામાં આવે છે. તેમાં શિક્ષણ બોર્ડ દ્વારા કારોબારી સમિતિની રચના કરવામાં આવી છે. તેમાં સાત સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જોકે કારોબારી સમિતિ માટે અલગ અલગ સંવર્ગના સભ્યોને આવવાની ઈચ્છા હતી. પરંતુ તે પૂર્ણ નહી થતાં કહીં ખૂશી કહીં ગમના દૃશ્યો સર્જાયા છે. તેજ રીતે પરીક્ષા અને શિક્ષણ સમિતિની રચનાને લઈને કહીં ખૂશી કહીં ગમના દૃશ્યો સર્જાયા છે.જોકે શિક્ષણ બોર્ડના વિનિયમોના આધારે સમિતિની રચના કરી હોવાનું શિક્ષણ બોર્ડના માહિતગાર સૂત્રોએ જણાવ્યું છે.શિક્ષણ બોર્ડની અન્ય સમિતિઓમાં શૈક્ષણિક સમિતિ, અભ્યાસ સમિતિ અને નાણાં સમિતિનો સમાવેશ થાય છે. જોકે અમુક સમિતિમાં જુના સભ્યો જ રિપીટ કરવામાં આવ્યા છે. આથી નવા સભ્યોને તક આપવામાં નહી આવતા સભ્યોમાં છુપી નારાજગી ઉઠી હોવાનું શિક્ષક આલમમાં જોવા મળતી ચર્ચા પરથી લાગી રહ્યું છે.

દૂધ સાગર ડેરી દ્વારા ૭૫ કરોડના ખર્ચે અને ૧૧ એકર જમીનમાં સૈનિક સ્કૂલનું નિર્માણ કરાશે

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં સમગ્ર ભારતમાં પ્રથમ એવી સહકારી સંસ્થા દ્વારા સંચાલિત સૈનિક સ્કૂલનું ખાતમુહૂર્ત

મહેસાણા

મહેસાણા જિલ્લાના બોરીયાવી ગામે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં અને મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલની તેમજ આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ, ઉદ્યોગ મંત્રી બળવંતસિંહ રાજપૂત અને સહકાર મંત્રી જગદીશ પંચાલની ગરિમામય ઉપસ્થિતિમાં આવતી કાલે તા.૪થી જુલાઈના રોજ શ્રી મોતીભાઈ ર.ચૌધરી સાગર સૈનિક સ્કૂલનું ખાતમુહુર્ત કરાશે.

શ્રી મોતીભાઈ ર.ચૌધરી સાગર સૈનિક સ્કૂલ મહેસાણાથી ૧૧ કી.મી દૂર બોરીયાવી ગામે ૭૫ કરોડના ખર્ચે અને ૧૧ એકર જમીનમાં નિર્માણ કાર્ય કરવામાં આવશે. કોઈ સહકારી સંસ્થા દ્વારા સંચાલિત સૈનિક સ્કૂલ સમગ્ર ભારતમાં પ્રથમ સ્કૂલ હશે.

દૂધ સાગર ડેરીની એજન્સી દૂધ સાગર રીસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ એસોસીએસન **(DURDA)** દ્વારા આ સૈનિક સ્કૂલનું સંચાલન કરવામાં આવશે.રક્ષા મંત્રાલય, ભારત સરકાર દ્વારા

ભેગું કરો ઘરનું બધુ પ્લાસ્ટિક : ગુજરાતના આ શહેરમાં પ્લાસ્ટિક બેગના બદલે મળશે રૂપિયા

ભાવનગર

આજે ૩ જૂલાઈ. આ દિવસને આતંરરાષ્ટ્રીય પ્લાસ્ટિક બેગ ફ્રી દિવસ તરીકે જાહેર કરવામાં આવ્યો છે. લોકોમાં પ્લાસ્ટિકના પ્રદૂષણ અંગે જાગૃતિ ઉભી કરવાના ઉદ્દેશથી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. આંતરરાષ્ટ્રીય દિવસના પરિણામે હવે સ્થાનિક સ્તરે જાગૃતિ ઉભી થઈ રહી છે. ભાવનગર જિલ્લાનું મહુવા શહેર તેનું ઉદાહરણ છે. આ શહેરને પ્લાસ્ટિકમુક્ત બનાવવા અનોખુ અભિયાન શરુ કરવામાં આવ્યું છે.. અહીં લોકોને પ્લાસ્ટીકના તેના બદલામાં નાણાં અથવા ખાતરરૂપે વળતર આપવામાં આવી રહ્યું છે.

પ્લાસ્ટિકનું પ્રદૂષણ દિન-પ્રતિદિન વધી રહ્યું છે ત્યારે તેને અટકાવવામા માટે વિવિધ સ્તરે પ્રયાસો ચાલી રહ્યા છે. ભાવનગર જિલ્લાની મહુવા નગરપાલિકા અને પિડિલાઇટ ઇન્ડસ્ટ્રીઝ દ્વારા આવો જ એક સહિયારો પ્રયાસ થઈ રહ્યો છે. મહુવા નગરપાલિકામાં વિદ્યાર્થીઓ, આગેવાનો અને સામાજિક સંગઠનોને કુલ ૧૮ હજાર કિલોથી વધુ પ્લાસ્ટિક એકત્રિત કરી 'ક્લીન મહુવા' નું સપનું સાકાર કરવાની દિશામાં ડગ માંડ્યા છે. આ વિશે મહુવા નગરપાલિકાના ચીફ ઓફિસર કૃપેશ પટેલે જણાવ્યું કે, અમે સૌથી પહેલા ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન પર ફોકસ કર્યું, ત્યારબાદ નગરપાલિકા વિસ્તારમાં જેટલી જગ્યાએ કચરો વધુ ઠલવાતો હોય તેવા ૧૪ જગ્યાઓ પર પિડિલાઇટના સહયોગથી પ્લાસ્ટિક કલેકશન સેન્ટર શરુ કરવામાં આવ્યાં છે. પ્લાસ્ટિકમુક્ત મહુવા ના લક્ષ્યને સિદ્ધ કરવા વિદ્યાર્થીઓ, આગેવાનો અને અન્ય સંગઠનોને પણ જોડવામાં આવ્યાં છે. આ ઝુંબેશ અંતર્ગત પ્લાસ્ટિક કલેકશન સેન્ટરમાં સામાન્ય નાગરિકો તેમજ શ્રમજીવીઓ પ્લાસ્ટિક વેસ્ટ જમા કરાવી વળતરરુપે રુપિયા અથવા ખાતર પણ મેળવી શકે છે. અહીં પ્લાસ્ટિકના કાગળ, બેગ, રેપરના એક કિલો વેસ્ટના વળતરમાં બે રુપિયા, દૂધ-છાશની થેલીના એક કિલો વેસ્ટના વળતરમાં ૧૦ રુપિયા, બિસ્લેરી બોટલના એક કિલો વેસ્ટના વળતરમાં ૨૩ રુપિયા ચુકવવામાં આવે છે. એટલું જ નહીં, અહિં નિયમિત રીતે પ્લાસ્ટિક વેસ્ટ જમા કરાવનારા લોકોને કાપડની થેલી સહિતની વસ્તુઓ ભેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવે છે.'ક્લીન મહુવા' પ્રોજેક્ટના હેડ યોગેશ મહેતા જણાવે છે કે, શહેરમાંથી પ્લાસ્ટિક લેવા માટે અમે ૧૨૫ ઈવેન્ટ બનાવી અંદાજે ૧૮ હજારથી વધુ લોકોને અભિયાન દ્વારા જોડી લોકોને જાગૃત કર્યા છે. આમ, ભાવનગર જિલ્લાની આ નાની નગરપાલિકાએ પ્લાસ્ટિક પ્રદુષણ સામેની ઝુંબેશ શરુ કરી અન્ય સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓ માટે ઉદાહરણ પુરુ પાડ્યું છે.

થરાદ-ધાનેરા હાઈવે રક્તરંજિત થયો, સ્કોર્પિયો ગાડી પલટી જતા ૩ ના કમકમાટીભર્યા મોત

બનાસકાંઠા : બનાસકાંઠાનો ધાનેરા થરાદ હાઈવે ફરી રક્તરંજિત બન્યો છે. ધાનેરા -થરાદ હાઈવે પર આજે વહેલી સવારે એક સ્કોર્પિયો ગાડી પલટી ગઈ હતી. ગાડી પલટી જતા થયેલા અકસ્માતમાં ૩ લોકોના ઘટના સ્થળે મોત નિપજ્યા હતા. તો અન્ય ૩ લોકો થયા ઈજાગ્રસ્ત થયા હતા. બન્યુ એમ હતું કે, થરાદ ધાનેરા હાઈવે પર મળસ્કે એક સ્કોર્પિયો ગાડી પૂરઝડપે આવી રહી હતી. આ સ્કોર્પિયો ગાડી ૩ દુકાનોના શેડ અને એક દુકાનનું શટર તોડી ડિવાઈડર સાથે અથડાઈ હતી. આ અકસ્માત અને ટક્કર એટલો ભયાનક હતો કે, સ્કોર્પિયો ગાડીના ભૂક્કે ભૂક્કા નીકળી ગયા હતા. આ ઘટનામાં ૩ લોકોના મોત નિપજ્યા છે, તો ત્રણ લોકો ઘાયલ થયા છે. આ તમામ લોકો કોણ છે તેની હજી માહિતી સામે આવી નથી. પરંતુ મૃત્યુ પામાનરા લોકો પમરુ ગામના હોવાનું જાણવા મળ્યું છે. સ્કોર્પિયો ગાડી કોઈનો પીછો કરતી સમયે પલટી હોવાની ચર્ચા છે. ત્યારે આખરે અકસ્માત પહેલા શું બન્યુ હતું તે જાણવા માટે ધાનેરા પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. સમગ્ર ઘટના મામલે ધાનેરા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

વલસાડમાં દીપડો માનવભક્ષી બન્યો : બે ઘરમાં ઘૂસીને હુમલો કર્યો, ચાર લોકો ઈજાગ્રસ્ત

વલસાડ

વલસાડના વેલવાચ ગામે દિપડાએ ૨ મહિલા ઉપર જીવલેણ હૂમલો કર્યો માનવભક્ષી દીપડો હુમલો કરી ફરાર થયો હતો જોકે ગામ લોકો ભેગા થતા દીપડો ભાગતો નજરે પડ્યો હતો જે સ્થાનિકો એ વિડિઓ ઉતારી વાઈરલ કર્યો હતો..જોકે ઘાયલ મહિલાઓને ધરામપુરની સાઈનાથ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડયા ખેતરેથી પરત ફર્યા બાદ પુત્રીએ દિપડાને નીહાળી લેતા મહિલાના શ્વાસ અધ્ધર થઈ ગયા હતા.

વલસાડના વેલવાચ ગામે એક મકાનમાં દીપડો ઘુસ્યો હતો. પરિવારના સભ્યો બહાર ગયા હતા. ઘરે આવ્યા ત્યારે પાછળના રૂમનો દરવાજો ખોલતા નાની દીકરીએ દીપડાને જોઈ બુમાબુમ કરવા લાગી હતી. મહિલાએ રૂમનો દરવાજો બંધ કરવા જતાં દીપડાએ મહિલા ઉપર હુમલો કર્યો હતો. મહિલાને પકડ્યા બાદ થોડે દુર ઉભેલી મહિલા ઉપર પણ હુમલો કર્યો હતો. બુમાબુમ થતા સ્થાનિક લોકો દોડી આવ્યા હતા. અને દીપડો ઘરમાંથી વહાર ભાગી છૂટ્યો હતો. સ્થાનિક અગ્રણીઓએ ઘટનાનો જાણ વન વિભાગની ટીમ અને ૧૦૮ની ટીમને કરી હતી. ૧૦૮ની મદદ લઈને મહિલાને ધરમપુરની સાઈનાથ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડી હતી.વલસાડના તાલુકાના વેલવાચ ગામના કુંડી ફળિયું ફળિયાં ખાતે રહેતા મુકેશભાઈ જશવંતભાઈ પટેલ પત્નિ મનીષાબેન સાથે સાસરે કામ અર્થે ગયા હતા. ત્યાંથી ઘરે પરત ફરતા મનીષાબેનની દીકરી નિરાલી પાછળના રૂમમાં ગઈ હતી. રૂમમાં ભરાઈ રહેલો દીપડો દીકરીએ જોઈને તેની મમ્મીને બૂમ મારી વાઘ વાઘ બૂમ મારી હતી. મનીષાબેને સાપ આવ્યો હશે તેમ માની છોકરીને બોલાવી રૂમનો દરવાજો બંધ કરવા જતાં દીપડાએ મનીષાબેન ઉપર હુમલો કર્યો હતો. મનીષાબેને પીઠના ભાગે બચકું ભર્યું હતું. મનીષાબેને બુમાબૂમ કરતા દીપડાએ નજીકમાં બેસેલી વૃદ્ધા ઉપર હુમલો કર્યો હતો. વૃદ્ધાના કાન પાસે હુમલો કર્યો હતો.આ ઘટનામાં મહિલાએ પણ બુમાબુમ કરતા સ્થાનિક લોકો દોડી આવ્યા હતા અને દીપડો ભાગી ગયો હતો. ઘટનાની જાણ વન વિભાગની ટીમ અને ૧૦૮ની ટીમને ઘટનાની જાણ કરી હતી. મહિલાઓને તાત્કાલિક સારવાર માટે ધરમપુરની સાઈનાથ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડયા હતા. ઘટનાની જાણ વન વિભાગની ટીમને ઘટનાની જાણ થતા તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે. વલસાડ તાલુકાના ગામોમાં માનવ ભક્ષી દીપડો લોકો પર હુમલો કરી રહ્યો છે. ગતરોજ વેલવાચ જ ખાતે એક ઘરમાં ઘૂસી બે મહિલાઓને ઈજાગ્રસ્ત કરી હુમલો કરી દીપડો ત્યાંથી ફરાર થયો હતો. જો કે બીજા દિવસે વહેલી સવારે કચિગામ ગામ ખાતે ઠાકોર પરિવારના ઘરમાં પાછલા દરવાજેથી દીપડો ઘરમાં ઘૂસ્યો અને એક યુવકને ઘાયલ કર્યો હતો. બાદમાં યુવકના પિતાએ દીપડા સાથે હિંમતભરી બાત ભીડી દીપડાને ધક્કો મારી એક રૂમમાં બંધ કરી દીધો હતો. ઘાયલ યુવક અને તેના પિતાને હોસ્પિટલમાં ખસેડાયા છે. ઘટનાની જાણ વન વિભાગને કરાતા ઘરની અંદર બંધ દીપડાનું હાલ રેસ્ક્યુ કરવામાં આવી રહ્યું છે. ખૂબ મોટી સંખ્યામાં ગામ લોકો પણ હાલ અહીં ઉમટી પડ્યા છે.

કોરોનામાં મૃત્યુ પામનાર માતા-પિતાના અનાથ બાળકો માટે ગુજરાત સરકારની વધુ એક ભેટ

ગાંધીનગર

રાજ્યમાં કોરોનામાં મૃત્યુ પામનાર માતા-પિતાના અનાથ બાળકો માટે ગુજરાત સરકાર દ્વારા એક મહત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી છે. કોરોનામાં મૃત્યુ પામનાર માતા-પિતાના અનાથ બાળકો માટે સરકારે એક સુંદર ભેટ આપી છે. પાલક માતા પિતા યોજના અથવા મુખ્યમંત્રી બાળ સેવા યોજના અંતર્ગત કન્યા ૧૮ વર્ષની લગ્ન કરે તો તેને બે લાખ રૂપિયાની સહાય સરકાર આપશે. ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા આ અંગેનો એક પરિપત્ર કરવામાં આવ્યો છે. લાભાર્થી કન્યાએ લગ્ન કર્યા બાદ બે લાખની સહાય માટે અરજી કરવી પડશે.

લોથલ ખાતે નિર્મિત થઈ રહેલા વિશ્વના સૌથી મોટા મેરીટાઈમ મ્યુઝિયમ કોમ્પ્લેક્સની પ્રગતિની ગાંધીનગર માં ઉચ્ચ સ્તરીય બેઠમાં સમીક્ષા

રૂ૪૫૦૦ કરોડના અંદાજિત ખર્ચે નિર્માણ આ NMHC કોમ્પ્લેક્સ ૪૦૦ એકર વિસ્તારમાં ફેલાયેલું હશેઃ NMHC કોમ્પ્લેક્સમાં વિશ્વનું સૌથી ઊંચું લાઈટહાઉસ મ્યુઝિયમ, એશિયાનું સૌથી મોટું અંડર વોટર મરીન મ્યુઝિયમ અને ભારતનું સૌથીં ભવ્ય નેવલ મ્યુઝિયમ બનાવવામાં આવશે

ગાંધીનગર

કેન્દ્રીય બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રી શ્રી સર્બાનંદ સોનોવાલે ગુજરાતના ગાંધીનગરમાં લોથલ ખાતે નિર્મિત થઈ રહેલા નેશનલ મેરીટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સ પ્રોજેક્ટની પ્રગતિની સમીક્ષા કરી હતી.

આ મીટિંગમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ, કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી તેમજ કેન્દ્રીય રસાયણ અને ખાતર મંત્રી ડો. મનસુખ માંડવિયા; માનનીય બંદરો, શિપિંગ અને જળમાર્ગ તેમજ પ્રવાસન રાજ્ય મંત્રી શ્રી શ્રીપદ યેસો નાઈક અને બંદરો, શિપિંગ અને જળમાર્ગ રાજ્ય મંત્રી શ્રી શાંતનુ ઠાકુર ઉપસ્થિત રહ્યા હતા.

મીટિંગ દરમિયાન સંરક્ષણ મંત્રાલય (ભારતીય નેવી અને કોસ્ટ ગાર્ડ) સાથે એક દરિયાઇ ગેલેરીઃ ધ જર્ની ઓફ ઇન્ડિયન નેવી એન્ડ કોસ્ટ ગાર્ડ (ભારતીય નેવી અને કોસ્ટ ગાર્ડની યાત્રા) માટે એક એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

મીટિંગ દરમિયાન કેન્દ્રીય બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રી શ્રી સર્બાનંદ સોનોવાલે કહ્યું, 'આપણા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ, બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલય, ગુજરાતના લોથલ ખાતે નેશનલ મેરીટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સ (NHMC) વિકસિત કરી રહ્યું છે. આ કોમ્પ્લેક્સ ભારતના સમૃદ્ધ અને વૈવિધ્યસભર દરિયાઈ વારસાને પ્રદર્શિત કરશે. NMHC એ બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલય હેઠળના સાગરમાલા પ્રોગ્રામના મુખ્ય પ્રોજેક્ટ્સમાંનું એક છે અને તે વિશ્વનું સૌથી મોટું મેરીટાઈમ મ્યુઝિયમ કોમ્પ્લેક્સ હશે.'

તેમણે એમ પણ કહ્યું કે, ''NMHC ભારતના વૈવિધ્યસભર દરિયાઈ ઈતિહાસને શીખવા અને સમજવા માટેના એક કેન્દ્ર તરીકે કામ કરશે અને ભારતનો સામાન્ય માણસ તેનો ઈતિહાસ સરળતાથી સમજી શકે તે રીતે તેનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે.' શ્રી સોનોવાલે પ્રોજેક્ટના વિકાસમાં સતત સહયોગ આપવા બદલ ગુજરાત સરકારનો પણ આભાર વ્યક્ત કર્યો હતો.

ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રોજેક્ટની પ્રગતિ અંગે પોતાની ખુશી વ્યક્ત કરી છે અને રાજ્યને સોંપવામાં આવેલી વિવિધ જવાબદારીઓ નિભાવવામાં ગુજરાત તરફથી સંપૂર્ણ સહકારની ખાતરી આપી છે.

કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી તેમજ રસાયણ અને ખાતર મંત્રી ડો. મનસુખ માંડવિયાએ પણ ગુજરાત સરકારના પ્રયાસોની પ્રશંસા કરી હતી અને નિર્ધારિત સમયમર્યાદામાં પ્રોજેક્ટ પૂર્ણ કરવા માટે તમામ લોકોને વધુ સંકલન કરવા માટે નિર્દેશ આપ્યા હતા.

ગુજરાત સરકારે આ પ્રોજેક્ટ માટે ૩૭૫ એકર જમીન ફાળવી છે. આ ઉપરાંત, સ્ટાફ ક્વાર્ટર્સના વિકાસ માટે વધારાની ૨૫ એકર જમીન ફાળવવામાં આવી છે; રાજ્ય ધોરીમાર્ગથી NMHC પ્રોજેક્ટ સાઈટ સુધીના રોડનું ૪ લેનિંગનુ કામ ચાલુ છે; લગભગ ૨૫ કિમી દૂરથી નર્મદા પાણી પુરવઠો પહોંચાડવાનું કામ પૂરું થઈ ગયું છે; લગભગ ૧૭ કિમીની ટ્રાન્સમિશન લાઈનો નાખવાનું કામ પ્રગતિમાં છે અને 66 KV GIS સબસ્ટેશનની સ્થાપના માટે ભંડોળ પૂરું પાડવામાં આવી રહ્યું છે, જેનું કામ પણ પ્રગતિ હેઠળ છે અને મૂળભૂત આંતરિક માળખાના વિકાસ માટે રૂ૧૫૦ કરોડનું યોગદાન રાજ્ય સરકારે આપ્યું છે.

બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલયના સાગરમાલા પ્રોગ્રામ હેઠળ રૂ૪૫૦૦ કરોડના અંદાજિત ખર્ચ સાથે આશરે ૪૦૦ એકર વિસ્તારમાં NHMC વિકસિત કરવામાં આવી રહ્યું છે અને તેને જાહેર અને ખાનગી સંસ્થાઓના ભંડોળ અથવા વિવિધ સંસ્થાઓ અને CSR (કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટીઝ) ભંડોળ દ્વારા વિકસાવવાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ભારતના મુખ્ય બંદરો રૂ૨૦૯ કરોડના ભંડોળનું યોગદાન આપી રહ્યા છે.

આ પ્રોજેક્ટની પ્રગતિ સમીક્ષા બેઠક દરમિયાન બંદરો, શિપિંગ અને જળમાર્ગ તેમજ પ્રવાસન રાજ્ય મંત્રી શ્રી શ્રીપદ યેસો નાઈકે કહ્યું, 'NMHCને વિશ્વ કક્ષાના આંતરરાષ્ટ્રીય પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવાની દરખાસ્ત છે, જે દેશમાં આ પ્રકારનું સર્વપ્રથમ કોમ્પ્લેક્સ છે, અને તેમાં મેરિટાઈમ મ્યુઝિયમ, લાઈટહાઉસ મ્યુઝિયમ, મેરિટાઈમ થીમ પાર્ક્સ, એમ્યુઝમેન્ટ પાર્ક્સ વગેરેનો સમાવેશ થાય છે. શિક્ષણ અને મનોરંજનનો અભિગમ અપનાવીને આ કોમ્પ્લેક્સ પ્રાચીનથી આધુનિક સમય સુધીના દેશના દરિયાઈ વારસાને પ્રદર્શિત કરશે.'

શિપિંગ અને જળમાર્ગ રાજ્ય મંત્રી શ્રી શાંતનુ ઠાકુરે જણાવ્યું કે, 'NHMC આપણને અમૃત કાળ અને MIV ૨૦૩૦ તરફ એક ડગલું આગળ લઈ જશે. તે વૈશ્વિક મોરચે ભારતને સ્થાપિત કરશે અને આપણા દરિયાઈ ક્ષેત્રના સમૃદ્ધ વારસા વિશે દેશના લોકોને શિક્ષિત કરશે.'

પ્રોજેક્ટ સ્ટેટસઃ

સરગવાડા ગામથી પ્રોજેક્ટ સાઈટ સુધીના ૧.૫૮ કિલોમીટરના ૪ લેન રોડનું બાંધકામ પૂર્ણતાના આરે છે. ૨૫ કિલોમીટરની પાણી પુરવઠાની લાઈન અને ૧૦ લાખ લિટરની ક્ષમતાની પાણીની ટાંકીનું કામ પૂર્ણ થયું છે. ફેઝ ૧છ ની ભૌતિક પ્રગતિ ૩૦% થી વધુ છે. પ્રથમ ૫ ગેલેરીઓ માટે ગેલેરી ટેન્ડરો બહાર પાડવામાં આવ્યા છે અને નેવલ (દરિયાઈ) ગેલેરી અને લોથલ ટાઉન માટેના ટેન્ડરો તૈયારીના અંતિમ તબક્કામાં છે. જોધપુરમાંથી ખાસ ગુલાબી પથ્થરની ખાણો આઈડેન્ટિફાય કરવામાં આવી છે અને NHMCના ફેકેડ એટલે કે રવેશના બાંધકામ માટે તેનો ઉપયોગ કરવામાં આવશે. મ્યુઝિયમોમાં કલાકૃતિઓ માટે વિવિધ રાજ્યોના વિભાગો અને સંસ્થાઓ સાથે જોડાણો કરવામાં આવ્યા છે.

NHMCને ભારતના મેરિટાઈમ હેરિટેજ એટલે કે દરિયાઈ વારસાને સમર્પિત આ પ્રકારના સર્વપ્રથમ મ્યુઝિયમ તરીકે વિકસિત કરવામાં આવી રહ્યું છે. તે માત્ર ભારતના સમૃદ્ધ અને વૈવિધ્યસભર દરિયાઈ વારસાને જ પ્રદર્શિત નહીં કરે, પરંતુ તે આપણા દેશના મજબૂત દરિયાઈ ઈતિહાસ અને જીવંત દરિયાકાંઠાની પરંપરાને પણ હાઈલાઈટ કરશે, જે આંતરરાષ્ટ્રીય મંચ પર ભારતના મેરીટાઈમ હેરિટેજની છબિને ઉન્નત કરશે.

નોંધનીય છે કે, બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલયે દેશમાં બંદર ક્ષેત્રના વિકાસ માટેની પ્રતિબદ્ધતાના ભાગરૂપે ગુજરાતમાં સાગરમાલા કાર્યક્રમ હેઠળ રૂ૫૭,૦૦૦ કરોડના ૭૪ પ્રોજેક્ટ્સ આઈડેન્ટિફાય કર્યા છે. તેમાંથી રૂ૯,૦૦૦ કરોડના ૧૫ પ્રોજેક્ટ પૂર્ણ થયા છે; રૂ૨૫,૦૦૦ કરોડથી વધુની કિંમતના ૩૩ પ્રોજેક્ટ્સ અમલમાં છે અને રૂ૨૨,૭૦૦ કરોડના ૨૬ પ્રોજેક્ટ્સ વિકાસ હેઠળ છે. કેન્દ્રીય લાઈન મંત્રાલયો, મુખ્ય બંદરો, રાજ્ય મેરીટાઈમ બોર્ડ અને અન્ય રાજ્ય એજન્સીઓ સંયુક્ત રીતે આ પ્રોજેક્ટ્સ અમલમાં મૂકે છે.

વડતાલ ધામના સંત અને અખિલ ભારતીય સંત સમિતિના અધ્યક્ષ નૌતમ સ્વામી ચાલુ સભામાં પ્રવચન દરમિયાન ઢળી પડ્યા : વીડિયો વાયરલ

ખેડા

ખેડા જિલ્લાના કઠલાલ ખાતે ગતરોજ રવિવારે સાંજે અખિલ ભારતીય સંત સમિતિ દ્વારા પ્રેરિત હિંદુ ધર્મ સેના પદ નિયુક્તિ દીક્ષાંત સમારોહ યોજવામાં આવ્યો હતો. જેમાં સાધુ સંતો સહીત અનેક રાજકીય આગેવાનો હાજર રહ્યા હતા. આ દીક્ષાંત સમારોહમાં નૌતમ સ્વામી પ્રવચન પૂર્ણ કરી જયશ્રી રામના નાર લગાવતાં એ દરમિયાન અચાનક જ સ્ટેજ પરથી ઢળી પડ્યા હતા. જોકે આસપાસના લોકોએ જીલી લેતા મોટી ઘાત ટળી હતી. આ બાદ તુરંત સ્વામીના સ્વાસ્થ્યમાં સુધારો આવતા હાલ સ્વસ્થ છે.

ખેડા જિલ્લાના કઠલાલ શહેરમાં આવેલ કચ્છ કડવા પાટીદાર સમાજ વાડી ખાતે ગતરોજ રવિવારે સાંજે અખિલ ભારતીય સંત સમિતિ દ્વારા પ્રેરિત હિંદુ ધર્મ સેના પદ નિયુક્તિ દીક્ષાંત સમારોહ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં કઠલાલ શહેર અને તાલુકાના ૭૦૦ થી વધુ કાર્યકરો જોડાયા હતા. આ અખિલ ભારતીય સંત સમિતિ દ્વારા પ્રેરિત હિન્દુ ધર્મ સેનાના પદ નિયુક્તિ કાર્યક્રમમાં અધ્યક્ષ ગુજરાત અખિલ ભારતીય સંત સમિતિ અને વડતાલ ધામન નૌતમ સ્વામી, રાષ્ટ્રીય અધ્યક્ષ અખિલ ભારતીય સંત સમિતિ અવિચલદાસજી મહારાજના અધ્યક્ષતામાં યોજાયો હતો. આ પ્રસંગે નિવાસદાસજી મહારાજ, રામેશ્વરદાસજી મહારાજ, અનિરુદ્ધગિરી મહારાજ પણ હાજર રહ્યા હતા.આ ઉપરાંત ખેડા જિલ્લા ભાજપ પ્રમુખ અજય બ્રહ્મભટ્ટ, કઠલાલ કપડવંજ વિધાનસભાના ધારાસભ્ય રાજેશ ઝાલા, મહુધા વિધાનસભાના ધારાસભ્ય સંજયસિંહ મહિડા, મહેમદાવાદ વિધાનસભાના ધારાસભ્ય અર્જુનસિંહ ચૌહાણ પણ ઉપસ્થિત રહ્યા હતા.આ સમગ્ર કાર્યક્રમનું આયોજન હિન્દુ ધર્મ સેના કઠલાલ શહેર અને તાલુકા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને મધ્યાહન ભાગમાં અધ્યક્ષ ગુજરાત અખિલ ભારતીય સંત સમિતિ અને વડતાલ ધામન નૌતમ સ્વામી પોતાનું પ્રવચન પૂર્ણ કરી રહ્યા હતા અને અંતમાં સૌને જયશ્રી રામના નાર લગાવતાં એ દરમિયાન એકાએક સ્ટેજના માઈક પરથી ઢળી પડ્યા હતા. અચાનક બે ભાન થતાં સંતુલન ગુમાવતા ઢળી પડ્યા હતા. જોકે તેમની નજીક રહેલા કાર્યકર્તાઓએ જીલી લેતા મોટી જાનહાનિ થઈ નહોતી. બાદમાં તુરંત મોરસનો ફાંકો મારી લેતા તેઓનુ સ્વાસ્થ્ય સારુ થઈ ગયું હતું.આ બનાવ સંદર્ભે જિલ્લાના પ્રમુખ રાજન ત્રીપાઠીએ જણાવ્યું હતું કે, ઘટના સાચી છે અને કાર્યક્રમના આગળના દિવસે તેમનો જન્મ દિવસ હતો જેથી કામનુ ભારણ હોવાથી આમ થયું હતું. જોકે હાલ સ્વામીની તબિયત સ્વસ્થ છે એ સમયે તુરંત મોરસનો ફાંકો મારી લેવાયા બાદ તુરંત સ્વસ્થ થઈ ગયા હતા.

રાજકોટઃ ધોરણ ૧૦નો વિદ્યાર્થી સ્પીચ આપતાં આપતાં અચાનક ઢળી પડ્યો, થયું મોત

રાજકોટઃ ગુરુ પૂર્ણિમાના દિવસે રાજકોટમાંથી એક દુખદ કિસ્સો સામે આવ્યો છે. રાજકોટના જીવ્ફૅ ગુરુકુળનો ધો. ૧૦નો વિદ્યાર્થી દેવાંશ વિટુભાઈ ભાયાણી સ્ટેજ પર સ્પીચ આપી રહ્યો હતો. સ્પીચ આપતા આપતા તે સ્ટેજ પર અચાનક જ બેભાન થઈ ગયો હતો. જે બાદ તેને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જોકે, તે પહેલા જ તેનું મોત નીપજ્યુ હતુ. આ અચાનક બનેલી દુર્ઘટનાને કારણે આખી શાળા સહિત પરિવારમાં આઘાત છવાયો છે. આ બાળકને બેભાન અવસ્થામાં જ ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયો હતો. જોકે, આ માસૂમને સારવાર મળે તે પહેલા જ તેનું મોત નીપજયું હતુ. હાલ મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ લાવવામાં આવ્યો.રાજકોટ સિવિલ હોસ્પિટલના ડોક્ટરોએ પ્રાથમિક તારણ આપ્યું છે. ડોક્ટરોએ પરિવારજનો સાથે વાતચીત કરી હતી. જેમા આ બાળકને નાનપણથી હૃદય સંબંધિત બીમારી હોવાનું સામે આવ્યું છે. આ અંગે પ્રાથમિક તારણમાં સામે આવ્યું છે કે, હાલમાં તેનું હૃદય વધુ ભારવાળું થયુ હતુ. જેના કારણે તેનું મૃત્યું થયાનું હાલમાં સામે આવ્યું છે.

દ્વારકા મંદિરમાં ફરી બદલાયો ધજા ચઢાવવાનો નિયમ : આજથી પાંચના બદલે છ ધજા ચઢશે, જાણો કેમ

દ્વારકા

ગુજરાતના સુપ્રસિદ્ધ યાત્રાધામ દ્વારકા મંદિરમાં રોજ લાખો ભક્તો દર્શન કરે છે. આ પૌરાણિક મંદિરમાં ધજા ચઢાવવાનું અનેરુ મહત્વ હોય છે. અહી મંદિરના શિખર પર રોજ ૫ ધજા ચઢતી હોય છે, જે અબોટી બ્રાહ્મણો દ્વારા ચઢાવાય છે. પરંતુ તાજેતરમાં બિપોરજોય વાવાઝોડાના ખતરાને કારણે ભારે પવનને કારણે મંદિર પર ધજા ચઢાવવાનું બંધ કરાયુ હતું. તેમજ આ ધજા ભગવાનને પ્રસાદ રૂપે અર્પણ કરાઈ હતી. ત્યારે હવે વાવાઝોડાને કારણે ન ચઢાવી શકાયેલી ધજાને હવે ફરીથી શિખર પર ચઢાવાશે. આજથી મંદિર પર ૫ નહિ ૬ ધજા ચઢાવાશે. દ્વારકાના ગુગળી બ્રાહ્મણ જ્ઞાતિ દ્વારા જણાવ્યું કે, દ્વારકા જગત મંદિર પર બિપોરજોય વાવાઝોડાને લઈને કેટલાક દિવસો ધજા ચઢવાઈ ન હતી. ત્યારે આવી ચડાવી ન શકાય હોય તેવી ધજાઓ આજથી મંદિરમાં ચડાવાશે. ભારે પવનનાં કારણે લગભગ ૧૫ જેટલી ધજા ચડાવી શકાય ન હતી. આમ તો પરંપરા મુજબ દરરોજ જગત મંદિરનાં શિખર પર પાંચ ધજાજી ચડાવવામાં આવે છે. પરંતું આજથી ૬ ધ્વજાજી ચડાવશે. ગત મહિને બિપોરજોય વાવાઝોડાના સંકટને કારણે અધિક કલેકટર દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું. જેમાંદ્વારકા મંદિરમાં આજે ધજા નહિ ચડાવી શકાય તેવુ જણાવાયુ હતું. માત્ર દ્વારકાધીશને ધજાને પ્રસાદના રૂપે ધરવામાં આવશે. ભારે પવન અને વરસાદને કારણે ધજા ચઢાવવી શક્ય ન હોવાથી તંત્ર દ્વારા નિર્ણય લેવાયો હતો. પરંપરા મુજબ, મંગળવારની પાંચ ધજા ચઢાવી નથી, તેને ભગવાનના ચરણોમાં અર્પણ કરાઈ હતી. ૧૬ તારીખ જુન સુધી સંકટ ટળી જશે અને વાતાવરણ નોર્મલ થઈ જશે ત્યારે જ હવે દ્વારકા મંદિર પર ધજા ચઢાવવામા આવશે તેવુ નક્કી કરાયુ હતું. દ્વારકા મંદિરની વર્ષોથી પરંપરા છે કે રોજ મંદિરને પાંચ ધજા ચઢે. નિયમિત સમયે મંદિરમાં પાંચ ધજા ચઢતી હોય છે. મોટાભાગના મંદિરોમાં ધજા ચઢાવવા માટે સીડીઓ હોય છે કે મશીનના દ્વારા મંદિર પર ધજા લહેરાવાય છે. પરંતુ દ્વારકા મંદિરનું એવુ નથી. દ્વારકા મંદિરમાં આજે પણ પરંપરા મુજબ અબોટી બ્રાહ્મણો જ ધજા ચઢાવે છે. આ માટે પાંચથી ૬ પરિવારો છે, જેઓ વારાફરતી મંદિર પર રોજની ૫ ધજા ચઢાવવાનુ કામ કરે છે. જે અબોટી બ્રાહ્મણો મંદિર પર ધજા ચઢાવવાનુ કામ કરે છે, તેમની ખાસિયત એ છે કે તેઓ જાતે ચઢીને મંદિર પર ધજા ફરકાવે છે. આ એક પ્રકારનું મોટુ સાહસ છે. જગત મંદિરના ૧૫૦ ફૂટ ઊંચા શિખર પર ચઢીને ધજા ચઢાવવી એ કોઈ જોખમ અને સાહસથી ઓછુ નથી. મંદિરના સીધા શિખર પર કપરા ચઢાણ કરવા પડે છે. છતાં ગમે તે મોસમ હોય, ગમે તેટલી ઠંડી હોય, ગરમી હોય કે વરસાદ વરસતો હોય, આ પ્રથા ક્યારેય તૂટતી નથી. અબોટી બ્રાહ્મણો આ કાર્યને સેવા ગણીને દિવસની પાંચ ધજા ચઢાવવાનુ ક્યારેય ચૂકતા નથી. પરંતુ આ આ કામમાં મોટુ જોખમ રહેલું છે. ખાસ કરીને ચોમાસું અને ભારે પવન હોય ત્યારે. જોકે, આવા સમયે પણ પ્રથા તો બંધ કરાતી જ નથી. અબોટી બ્રાહ્મણોની કૃષ્ણ ભક્તિ એવી અનન્ય છે કે તેઓ ગમે તેવી આફત

ગાંધીનગર શહેરમાં ૫ હજાર વૃક્ષો કાપવા સામે રહીશોનો ઉગ્ર વિરોધ, નાગરિકોએ સાઈન પિટિશન ઝુંબેશ ચલાવી

ગાંધીનગર

શહેરમાં સ્માર્ટ સિટી પ્રોજેક્ટ હેઠળ નવી ગટરલાઈન નાખવા માટે શહેરના ચાર મુખ્ય માર્ગો પર ૫ હજારથી વધુ લીલાછમ વર્ષો જૂના ઝાડ કાપી નાંખવાની મંજૂરી વન વિભાગ પાસે માંગવામાં આવી હોવાના અહેવાલોના શહેરના પ્રકૃતિ પ્રેમીઓમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. ગાંધીનગરની ઓળખ સમી હરિયાળી ગુમાવવા હવે નાગરિકો તૈયાર નથી. કોઈપણ ભોગે ઝાડ કપાતા રોકવા માટે નાગરિકોએ સોશિયલ મિડીયામાં સાઇન પિટીશન કેમ્પેઇન શરૂકર્યું છે. કેમ્પેઇન શરૂથયાના બે દિવસમાં જ ૨ હજારથી વધુ નાગરિકોએ તેમાં સાઇન કરીને ઝાડ નહીં કાપવા સરકારને અપીલ કરી છે. આવનારા દિવસોમાં આ વિરોધ ઝૂંબેશ વધુ વેગ પકડે તેવી શક્યતા છે.

શહેરમાં ચ,ઘ, ગ અને છ એમ ચાર મુખ્ય રોડ પર નવી ગટરલાઇનનું કામ શરૂ કરવા માટે એજન્સી દ્વારા ૫ હજાર જેટલા ઝાડ કાપવાની મંજૂરી વન વિભાગ સમક્ષ માંગવામાં આવી છે. અગાઉ પણ પાણી-ગટરલાઇનની કામગીરી માટે ૩ હજારથી વધુ ઝાડ કાપવાની મંજૂરી વન વિભાગે આપી દીધી છે ત્યારે વધારે ઝાડ કપાતા અટકાવવા નાગરિકો હવે મેદાનમાં પડ્યા છે. સરકારના એકપણ વિભાગે હજુ સુધી ઝાડ બચાવવા માટેના કોઈ પ્રયાસ કર્યા નથી.

મુખ્ય રોડની બંને તરફ ગ્રીન ઝોન એટલે કે ફોરેસ્ટ રીઝર્વ એરીયા છે તેમાં ગટરલાઇન નાખવાનું નક્કી કરવામાં આવ્યું હોવાથી મોટી સંખ્યામાં ઝાડ કપાય તેમ છે. પરંતુ આ સ્થળ બદલીને અન્ય વિકલ્પ વિચારાય તો ઝાડ બચી શકે તેમ છે પરંતુ આ કામગીરી કરી રહેલા પાટનગર યોજના વિભાગ કે જેના ફંડથી કામ થાય છે તે મહાનગરપાલિકા પણ વિકલ્પો વિશે વિચારી રહ્યા નથી. બીજીતરફ પ્રકૃતિ પ્રેમીઓ આ મામલે વિરોધ વ્યક્ત કરી રહ્યા છે. શહેરના જાગૃત નાગરિક મેહુલ તુવરે તેમની ટીમ સાથે પ્રકૃતિ રક્ષા અભિયાનના નેજા હેઠળ ગાંધીનગરના વૃક્ષો બચાવવા માટે સોશિયલ મિડીયામાં સાઇન પિટીશન કેમ્પેઇન ચલાવ્યું છે. નાગરિકો લડી લેવાના મૂડમાં છે.

આ પિટીશનમાં જણાવાયું છે કે અમે, જાગૃત નાગરિકો અને પ્રકૃતિ પ્રેમીઓ, ગાંધીનગરના સ્થાનિક તંત્ર ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન , ફોરેસ્ટ વિભાગ, પાટનગર યોજનાભવન અને સરકારને મુખ્ય રસ્તાઓ પર ગટર લાઇન નાખવાના પ્રોજેક્ટ માટે લગભગ ૫,૦૦૦ વૃક્ષોના કટીંગની મંજૂરીને અટકાવવા માટે રજૂઆત કરીએ છીએ. ગાંધીનગર એક હરિયાળું શહેર હતું પણ હવે ગ્રીન સિટીનો દરજ્જ ો જતો રહ્યો છે. વૃક્ષો માત્ર પર્યાવરણીય સંપત્તિ જ નથી પરંતુ તે આપણા વારસા અને ઈકોસિસ્ટમનો પણ એક મહત્વપૂર્ણ ભાગ છે. તે આવશ્યક છે કે , સરકાર એવા વિકલ્પો શોધે કે જેમાં આ વૃક્ષો કાપવા ન પડે.

ગાંધીનગર સેક્ટર-૧૫માં ૧૬ કરોડના ખર્ચે સાત મજલાની સમરસ હોસ્ટેલ બનાવાઈ

ગાંધીનગર

સામાજિક ન્યા.ય અને અધિકારીતા વિભાગ દ્વારા વિદ્યાર્થીઓ માટે સેક્ટર-૧૫માં રૂપિયા ૧૬ કરોડના ખર્ચે નવી સમરસ હોસ્ટેલ બનાવવામાં આવી છે. હોસ્ટેલમાં વિદ્યાર્થીઓ માટે લાયબ્રેરી, રીડિંગ રૂમ, મેસ, જીમ સહિતની સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. જોકે હોસ્ટેલમાં ૨૦૦થી વધારે રૂમ બનાવવામાં આવ્યા હોવાથી ફર્નિચરની કામગીરી કર્યા બાદ બિલ્ડીંગ ખુલ્લુ મુકાશે. રાજ્ય સરકાર દ્વારા શાળા અને કોલેજનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલ સહિતની સુવિધા ઉભી કરવામાં આવે છે. આથી વિદ્યાર્થીને રહેવાની મુશ્કેલીમાંથી છુટકારો મળે અને અભ્યાસમાં યોગ્ય ન્યાય આપી શકે તે માટે સુવિધાયુક્ત હોસ્ટેલ બનાવવામાં આવે છે. તેમાં રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા સેક્ટર-૧૫માં સાત મજલાની હોસ્ટેલનું નવીન બિલ્ડીંગ બનાવવામાં આવી રહ્યું છે. જોકે રૂપિયા ૧૬ કરોડના ખર્ચે તૈયાર થયેલું હોસ્ટેલના બિલ્ડીંગને પાટનગર યોજના વિભાગે તૈયાર કર્યું છે. હોસ્ટેલની બિલ્ડીંગમાં વિદ્યાર્થીઓ માટે અલગ અલગ પ્રકારના ૨૦૦થી વધારે રૂમ બનાવવામાં આવ્યા છે. હોસ્ટેલના ધાબામાંથી વરસાદી પાણી ભુર્ગભ જળમાં સંચય કરવા માટે રેઈન વોટર હાર્વેસ્ટીંગની સુવિધા ઉભી કરાઈ છે.

હોસ્ટેલમાં સીંગલ બેડના ૧૦ રૂમ, બે બેડના ૧૪૭ રૂમ, ચાર બેડવાળા ૫૧ રૂમ, બે ઓફિસ, એક ડાયનીંગ કિચન, બે રીડીંગ રૂમ, લાયબ્રેરી, ઈન્ડોર ગેમ, કોમન હોલ, સર્વન્ટ રૂમ સહિતની સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. જોકે હાલમાં સમરસ હોસ્ટેલની કામગીરી અંતિમ તબક્કામાં હોવાનું પાટનગર યોજના વિભાગના માહિતગાર સૂત્રોએ જણાવ્યું છે. જોકે હોસ્ટેલના રૂમમાં બેડ, કબાટ, લાયબ્રેરીમાં રેક, ડાઈનીંગ હોલમાં ટેબલ-ખુરશી સહિતનું ફર્નિચરની કામગીરી બાકી હોવાથી તેનું ટેન્ડરીંગની કામગીરી આગામી સમયમાં કરવામાં આવશે. સમરસ હોસ્ટેલમાં ફર્નિચરની કામગીરી પૂર્ણ થયા બાદ વિદ્યાર્થીઓના ઉપયોગ માટે ખુલ્લી મુકાય તેવી શક્યતા રહેલી છે.

બરોડા ડેરીના નવા પ્રમુખ બન્યા સતિષ પટેલ, જી.બી સોલંકી ઉપપ્રમુખ

વડોદરાઃ બરોડા ડેરીના નવા પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી કરવામાં આવી છે. સતિષ પટેલ બરોડા ડેરીના નવા પ્રમુખ બન્યા છે, જ્યારે જી.બી સોલંકી ઉપપ્રમુખ બન્યા છે. અગાઉ ૧૧ ડિરેક્ટરોએ સતીશ નિશાળિયાના પ્રમુખ પદ અને ઉપપ્રમુખ ક્રિપાલસિંહ માહારાઉલની નિમણૂક સામે વિરોધ કર્યો હતો. જ્યારે રવિવારે સી.આર પાટીલે તમામ સાથે ગાંધીનગરમાં મુલાકાત કરી હતી.

ગાંધીનગરની યુવતીના તેના પૂર્વ પ્રેમી સાથેનો ફોટો વાઈરલ કરનાર શખ્સને ગાંધીનગર સાયબર ક્રાઈમે અમરેલીથી દબોચ્યો

ગાંધીનગર

ગાંધીનગરની પરિણીતાને સાથે લગ્નતેર સંબંધો કેળવી જિંદગીની સચ્ચાઈ નામનાં વોટ્સઅપ ગ્રુપમાં પૂર્વ પ્રેમી સાથેના ફોટા વાયરલ કરનાર પ્રેમીની ગાંધીનગર સાયબર ક્રાઇમ સેલની ટીમે ગણતરીના કલાકોમાં અમરેલીથી ધરપકડ કરીને જેલમાં ધકેલી દેવામાં આવ્યો છે.

ગાંધીનગરનાં સાદરા ગામની પરિણીતા અને યુવાન વચ્ચે સુંવાળા સંબંધો પ્રસ્થાપિત થયા હતા. જો કે યુવાન વધુ પડતો ગળાડૂબ પ્રેમમાં પડી જતાં પરિણીતાને તેની હરકતો ભારજનક લાગવા માંડી હતી. આથી કંટાળીને પરિણીતાએ પ્રેમ સંબંધોનો અંત લાવી દેવાયો હતો. જેનાં પગલે પ્રેમમાં દગો મળતાં નાસીપાસ થયેલા પ્રેમીએ જિંદગીની સચ્ચાઈ નામનાં વોટ્સઅપ ગ્રુપમાં પરિણીતાના પૂર્વ પ્રેમી સાથેના ફોટા વાયરલ કરી દીધા હતા. જે મામલે ચીલોડા પોલીસ મથકમાં ગુનો દાખલ થતાં જ ગાંધીનગર સાયબર ક્રાઇમ સેલની ટીમે અમરેલીથી પ્રેમીની ધરપકડ કરી લેવામાં આવી છે.

ગાંધીનગરના સાદરા ગામની ૨૫ વર્ષીય પરિણીતાને લગ્ન પહેલાં હાલીસા ગામના યુવક સાથે પ્રેમ સંબંધો હતા. જો કે સામાજિક રાહે ચારેક વર્ષ પહેલાં સાદરાનાં યુવક સાથે લગ્ન થઈ જતાં તેણીએ પ્રેમી સાથેના સંબંધો તોડી નાખ્યા હતા. બાદમાં સાદગીથી જીવન જીવતા પતિની ગેરહાજરીમાં પરિણીતાએ ઈન્સ્ટાગ્રામ સર્ચ કરવાનું શરૂકર્યું હતું.

એ દરમિયાન જાન્યુઆરી - ૨૦૨૩ માં સરફરાજ કુંડલીયા નામના યુવાનની ફ્રેન્ડ રીકવેસ્ટ આવી હતી. જેનો સ્વીકાર કરીને બંને એકબીજાના પરિચયમાં આવ્યા હતા. ધીમે ધીમે વાતચીતનો દોર શરૂથતાં ટૂંકા ગાળાનો પરિચય પ્રેમમાં પરિણમ્યો હતો. અને બંને એકબીજા સાથે ટેલીફોનીક પ્રેમાલાપ કરતા હતા. બાદમાં સરફરાજ અને પરિણીતા ૧૬મી જાન્યુઆરીએ નરોડા ખાતે મળ્યાં હતાં. જ્યાં અવૈધ સંબંધોનો ભાંડો ફૂટી ન જાય એ માટે પરિણીતાના નામે સીમકાર્ડ લીધું હતું.

ઉપરાંત તેણે પરિણીતાનાં નામનું જુનું ઈન્સ્ટાગ્રામ આઈડી બંધ કરી નવું આઈડી બનાવી આપ્યું હતું. આમ બંને એકબીજાના પ્રેમમાં એટલા અંધ બની ગયા હતા કે દુનિયાદારી પણ ભૂલી ગયા હતા. જો કે દિવસને દિવસે સરફરાજ પ્રેમમાં વધુ પડતો પરિણીતા માટે પજેસીવ થઈ ગયો હતો. જેની હરકતો બોજારૂપ બની જતાં પરિણીતાએ સરફરાજને તરછોડી દીધો હતો. આથી સરફરાજ પ્રેમમાં નાસીપાસ થઈ ગયો હતો. અને પરિણીતાના આઈડી થકી પૂર્વ પ્રેમી સાથે સોશિયલ મીડિયાનાં માધ્યમથી સંપર્ક કરી ફોટા માંગ્યા હતા. એટલે પ્રેમિકા પાછી આવી હોવાનું માનીને પૂર્વ પ્રેમીએ ફોટા શેર કરી દીધા હતા. બાદમાં સરફરાજે જિંદગી કી સચ્ચાઈ નામનું વોટ્સઅપ ગ્રુપ બનાવી પરિણીતાના પતિ, પિતા, સસરા સહિતના અન્ય કુટુંબી સભ્યોને એડ કરીને પૂર્વ પ્રેમી સાથેના કપલ ફોટા વાયરલ કરી દીધા હતા. આ મામલે ફરિયાદ દાખલ થતાં જ ગુનાની ગંભીરતાને ધ્યાને રાખી ગાંધીનગર સાયબર ક્રાઇમ સેલના પીઆઈ પી જે ચુડાસમા, એએસઆઈ દિનેશભાઈ દેવજીભાઈ ચૌધરી સહિતની ટીમે ટેકનિકલ - હ્યુમન ઈન્ટેલિજન્સ સોર્સથી તપાસનો દોર શરૂકરી દીધો હતો. અને મોબાઈલ ફોનના સીડીઆર કઢાવી ખારા વિસ્તાર, લાઈટ હાઉસ રોડની બાજુમાં જાફરાબાદ અમરેલીથી સરફરાજ સતારભાઈ કુંડલીયાને ઉઠાવી લીધો હતો. આ અંગે સાયબર ક્રાઇમ સેલના સૂત્રોએ જણાવ્યું હતું કે સરફરાજનાં પિતા બોટ ચલાવતા હતા. જેમનું અવસાન થયું છે. તેમજ એક ભાઈ મુંબઈમાં રહે છે. અને એક પરણિત બહેન છે. સરફરાજ કોઈ ખાસ કામધંધો કરતો નથી. પરિણીતાએ પ્રેમ સંબંધો તોડી નાખતા સરફરાજે ઉક્ત ગુનાને અંજામ આપ્યો હતો.

રાજ્યમાં મોસમનો કુલ સરેરાશ વરસાદ ૩૨ ટકાઃ કચ્છ ઝોનમાં સૌથી વધુ ૮૭.૪૪ ટકા અને સૌથી ઓછો વરસાદ પૂર્વ ગુજરાત ઝોનમાં ૨૦.૪૦ ટકા

ચોમાસાની શરૂઆતમાં જ મેઘરાજાએ જબરો ઉપાડો લીધો, કચ્છમાં ૮૦ ટકાથી વધુ વરસાદ

ગાંધીનગર

ગુજરાતમાં ચોમાસાના આગમન સાથે જ રાજ્યભરમાં શ્રીકાર વરસાદ વરસ્યો, જેના કારણે જનજીવન પ્રભાવિત થયું હતું. ગત ૨૪ કલાક દરમિયાન રાજ્યમાં વરસાદનું જોર ઘટ્યું છે. છેલ્લા કલાક દરમિયાન રાજ્યમાં સરેરાશ એક ઈંચથી પણ ઓછો એટલે કે માત્ર પાંચ મિ.મી. જેટલો વરસાદ નોંધાયો છે. જૂનાગઢ જિલ્લાના મેંદરડા તાલુકામાં સૌથી વધુ ૧૨૦ મિ.મી. એટલે કે આશરે ૫ ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. રાજ્યના અન્ય ૩ તાલુકાઓમાં ૨ ઈંચથી વધુ અને ૧૩ તાલુકામાં ૧ ઈંચથી વધુ વરસાદ સહિત રાજ્યના કુલ ૮૩ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે.

રાજ્યના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો મુજબ આજે તારીખ ૩ જુલાઇ, ૨૦૨૩ના રોજ સવારે ૬.૦૦ કલાક પૂરા થતાં ગત ૨૪ કલાક દરમિયાન ગીર સોમનાથના તાલાલા તાલુકામાં ૮૭ મિ.મી., ભરૂચના વાલિયા તાલુકામાં ૬૫ મિ.મી., જૂનાગઢના માંગરોળ તાલુકામાં ૫૯ મિ.મી. કરતા વધુ વરસાદ નોંધાયો છે.

જ્યારે જૂનાગઢના કેશોદ, વંથલી અને વલસાડના કપરાડામાં ૪૧ મિ.મી., દાહોદ તાલુકામાં ૩૬ મિ.મી., માણિયા હાટીના તાલુકામાં ૩૫ મિ.મી., સુત્રાપાડા અને ડોલવણ તાલુકામાં ૩૪ મિ.મી., ધરમપુર તાલુકામાં ૩૩ મિ.મી., ગઢડા અને ડાંગ-આહવા તાલુકામાં ૩૦ મિ.મી., ગારીયાધાર અને ખાંભા તાલુકામાં ૨૮ મિ.મી., અને રાજુલા તાલુકામાં ૨૫ મિ.મી. એમ કુલ ૧૩ તાલુકાઓમાં એક ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. આમ, રાજ્યમાં કુલ મળી ૮૩ જેટલા તાલુકામાં નોંધપાત્ર વરસાદ થયો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યનો કુલ સરેરાશ વરસાદ ૩૨ ટકા જેટલો નોંધાયો છે. જેમાં કચ્છ ઝોનમાં સૌથી વધુ ૮૭.૪૪ ટકા, સૌરાષ્ટ્ર ઝોનમાં ૪૬.૭૧ ટકા, ઉત્તર ગુજરાત ઝોનમાં ૨૯.૨૯ ટકા, દક્ષિણ ગુજરાત ઝોનમાં ૨૬.૦૯ ટકા, પૂર્વ ગુજરાત ઝોનમાં ૨૦.૪૦ ટકા સીઝનનો કુલ સરેરાશ વરસાદ નોંધાયો હોવાના અહેવાલ છે.

ગુરુ પૂર્ણિમાને લઈને સાળંગપુરમાં દાદાને સોનાનો શણગાર કરાયો

બોટાદ : સુપ્રસિધ્ધ સાળગપુર કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિરે ગુરુ પૂર્ણિમાને લઈને સવારથી મોટી સંખ્યામાં હરિભકતોએ દાદાના દર્શને આવ્યા અને પોતપોતાના ગુરુનુ પૂજન કરીને હનુમાનજી દાદાના દર્શન કરી ધન્યતા અનુભવી. દાદાને આજે ગુરુપૂર્ણિમા નિમિત્તે સુવર્ણ આભૂષણો નો શણગાર કરવામાં આવ્યો છે. મોટી સંખ્યામાં ભેક્તોએ દર્શન કરી ધન્યતા અનુભવી. ગુરુ પૂર્ણિમા નિમિતે આજે સમગ્ર રાજયના તમામ ગુરુ આશ્રમ પર લોકો પોતાના ગુરુનુ પૂજન કરી દર્શન કરશે, ત્યારે બોટાદ જિલ્લાના બરવાળા તાલુકાના સાળંગપુર ગામે સુપ્રસિધ્ધ કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે આજે સવારથી મોટી સંખ્યામાં ભાવિક ભકતો દાદાના દર્શને આવી રહ્યા છે. ભક્તોએ પોતાના ગુરુનું પૂજન કરી તેમજ આધ્યાત્મિક જગતના સૌથી મોટા ગુરુ એવા હનુમાનજી દાદાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.આજે ગુરુ પૂર્ણિમા દિવસે ભકતોમાં પણ અનેરો આનંદ જોવા મળે છે, તો મંદિર દ્વારા આજે હનુમાનજી દાદાને સુવર્ણ વસ્ત્રો પહેરાવાયા છે. મંદિરે આવતા તમામ ભકતો માટે મંદિર દ્વારા ભોજન, રહેવા સહિતની સુંદર વ્યવસથા કરવામાં આવી છે. ગુરુ પૂર્ણિમા ને લઈને આજે મોટી સંખ્યામાં ભક્તો દાદાના દર્શને આવી રહ્યા છે.આધ્યાત્મિક જગતના સૌથી મોટા ગુરુ હનુમાનજી દાદા છે. ત્યારે દાદાએ જેમ ભગવાનની પ્રાપ્તિ કરી તેમ સૌ ભક્તોને ભગવાનની પ્રાપ્તિ થાય તેવી દાદાના ચરણોમાં પાર્થના તેમ સાળગપુર હનુમાનજી મંદિરના કોઠારી શ્રી વિવેક સાગર સ્વામીએ સ્વામીએ જણાવ્યું હતું.

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા બિલ્ડિંગ પર સોલાર રુફટોપથી મહાપાલિકાને વર્ષે રૂપિયા ૩૫.૮૮ લાખની વીજ બચત થઈ

ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ગ્રીન એનર્જી પર ભાર મુકાઈ રહ્યો છે. ગાંધીનગર મહાનગરપાલિકાની સેક્ટર-૧૭ ખાતે આવેલી મુખ્ય કચેરી તેમજ ફાયર સ્ટેશનની છત પર સોલાર સિસ્ટમ લગાવીને ગ્રીન એનર્જી ઉત્પન્ન કરાય છે.

તેના ભાગરૂપે મહાનગરપાલિકાની મુખ્ય કચેરી પંડિત દીનદયાલ ઉપાધ્યાય ભવન ખાતે કુલ ૩૬૫ કિલોવોટની રૂફટોપ સિસ્ટમ લગાવવામાં આવી છે. જેની મદદથી મહાનગરપાલિકાને મહિને ૩ લાખ રૂપિયાની અને વર્ષે અંદાજે ૩૫.૮૮ લાખ રૂપિયાની બચત થાય છે. મહાનગરપાલિકાની કચેરીઓમાં દિવસ દરમિયાન જે વીજળીનો વપરાશ થાય છે તે સોલાર પ્લાન્ટના વીજ ઉત્પાદનમાંથી મજરે મળે છે. જોકે, સોલારની નવી પોલીસી મુજબ રાત્રિના સમયે જે વીજળી વપરાય છે, તેનું બિલ ચૂકવવાનું રહે છે પરંતુ કચેરીઓમાં રાત્રિના સમયે બહુ વીજ વપરાશ થતો નહીં હોવાથી મહાનગરપાલિકાને મહત્તમ વીજ બચત થાય છે. મહાનગરપાલિકા દ્વારા ગ્રીન એનર્જીને પ્રોત્સાહન આપવા ગાર્ડન અને અન્ય જાહેર સ્થળોએ પણ સોલાર ઉપકરણો મૂકવામાં આવ્યા છે.

મકાનોમાં રૂફટોપ લગાવવાની પોલિસીને ગાંધીનગરમાં સારો પ્રતિસાદ મળ્યો છે. ૪ હજારથી વધુ લોકોએ પોતાના ઘરના ધાબા પર સોલાર રૂફટોપ લગાવ્યું છે અને પોતાના વપરાશ જેટલી વીજળી જાતે જ ઉત્પન્ન કરી છે. આ ઉપરાંત વપરાશ કર્યા પછી વધેલી ૩.૬૬ મિલિયન યુનિટ વીજળીનું વીજ કંપનીને વેચાણ કર્યું છે.

મહાનગરપાલિકા દ્વારા જાહેર બગીચા અને વિવિધ સ્થળો પર સોલાર રૂફટોપ અને સોલાર ટ્રી ઈન્સ્ટોલેશનની કામગીરી કરાઈ છે. આ પ્રોજેક્ટ હેઠળ ૩૨ સ્થળો પર કુલ ૯૪૫ કિલોવોટના સોલાર પ્લાન્ટ લગાવવામાં આવ્યા છે. જેમાં મહાનગરપાલિકાની મુખ્ય કચેરી સામેલ છે. આ સિસ્ટમથી ૨૫ વર્ષમાં અંદાજે ૯૩૦૦ ટન કાર્બન ડાયોક્સાઈડનું ઉત્સર્જન ઘટશે. એટલે કે આ સિસ્ટમથી પર્યાવરણમાં અંદાજે ૧૪,૭૦૦ સાગના વૃક્ષ વાવવાની સમકક્ષ લાભ કરાશે.

ગાંધીનગર સિવિલમાં સૌ પ્રથમ કાનનું 'બોનબ્રિજ' ઓપરેશન

ગાંધીનગર

ગાંધીનગર સિવિલમાં જન્મથી કાન નહી ધરાવતા યુવકનુ સફળ ઓપરેશન કરવામાં આવ્યુ હતુ. કોલેજમાં અન્ય વિદ્યાર્થીઓ કાનની ખામી હોવાના કારણે ચીડાવતા હતા, ત્યારે યુવક તણાવમાં રહેતો હતો, ઓપરેશનથી તેના ચહેરા ઉપર ખુશી છલકાઇ ગઇ હતી.

સિવિલમાં રવિવારે ઈએનટી વિભાગમાં જન્મથી કાન વિનાના યુવકનુ સફળ ઓપરેશન કરવામાં આવ્યુ હતુ. શહેરની સિવિલમાં સૌ પ્રથમ બોનબ્રીજ ઓપરેશન થયુ હતુ.

અમદાવાદના રહેવાસી ૧૬ વર્ષિય રશ્મિ પંચાલ નામના યુવકનુ કાનનુ બોનબ્રીજ ઓપરેશન થયુ હતુ. આ બાબતે ડો. નિરજ સૂરીએ કહ્યુ હતુ કે, ગાંધીનગર સિવિલમાં ઈએનટી વિભાગ દ્વારા સૌ પ્રથમ બોનબ્રીજ ઓપરેશન કરવામાં આવ્યુ છે. એક કલાક સુધી ઓપરેશન ચાલ્યુ હતુ. જેમાં એનેસ્થેસીયાની સમગ્ર ટીમ ખડેપગે રહી હતી. ડો.સૂરીએ કહ્યુ હતુ કે, યુવકના બંને કાનની ઈયર કેનાલ બંધ હતી.

જ્યારે સામાન્ય વ્યક્તિની જેમ કાન ન હતા. જેને લઈને યુવકને કોલેજમાં અન્ય વિદ્યાર્થીઓ ચીડાવતા હતા. જ્યારે તેનુ ઓપરેશન કરવામાં આવ્યુ અને તે સાંભળતો થતા તેના ચહેરા ઉપર એક અલગ પ્રકારની ખુશી જોવા મળતી હતી. તેના માતા પિતા પણ ઓપરેશનથી ખૂશ જોવા મળતા હતા.

ઓપરેશન દરમિયાન દેશ વિદેશમાંથી આવેલા ૩૦૦ સર્જન ગીફ્ટસિટીમાં બેસીને ઓનલાઈન નિહાળ્યુ હતુ. જેને લઈને આજે વર્કશોપ યોજ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં દેશ અને વિદેશના તબીબો હાજર રહ્યા હતા.

ગુજરાતમાં જળાશયોની સ્થિતિ- ૨૦૨૩ સરદાર સરોવર ડેમ ૫૫ ટકાથી વધુ ભરાયોઃ ૨૯ જળાશયો ૭૦ ટકાથી વધુ તેમજ ૧૯ જળાશયો સંપૂર્ણ છલકાયા

ગાંધીનગર

ગુજરાતમાં લગભગ તમામ તાલુકાઓમાં શ્રીકાર વર્ષાને પરિણામે રાજ્યમાં તા. ૦૩ જુલાઈએ સવારે આઠ કલાકની સ્થિતિએ કુલ ૨૦૬ જળાશયોમાં કુલ સંગ્રહ શક્તિના ૩૮.૬૧ ટકા પાણીનાં જથ્થાનો સંગ્રહ થયો છે. ગત વર્ષે આ સમયે ૩૭.૧૬ ટકા સામે આ વર્ષે ૪૪.૩૮ ટકા જળાશયો ભરાયા છે તેમ, સ્ટેટ ફ્લડ કન્ટ્રોલ સેલ, ગાંધીનગરના અહેવાલમાં જણાવાયું છે.

ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમ-જળાશયમાં કુલ સંગ્રહ શક્તિના ૫૫.૧૭ ટકા પાણીના જથ્થાનો સંગ્રહ થયો છે. જયારે ગુજરાતના ૧૯ જળાશયો ૧૦૦ ટકાથી વધુ એટલે સંપૂર્ણ છલકાયા છે. ૨૯ જળાશયોમાં ૭૦ ટકાથી ૧૦૦ ટકા, ૨૫ જળાશયો ૫૦ થી ૭૦ ટકા તેમજ ૫૪ જળાશયો ૨૫ થી ૫૦ ટકા વચ્ચે ભરાયા છે.

રાજ્યમાં ૧૦૦ ટકા એટલે કે સંપૂર્ણ છલકાયા હોય તેવા જળાશયોમાં અમરેલી જિલ્લાનું મુંજીયાસર, ધાતરવાડી, વાડિયા, સંકોલી, સુરજવાડી, ગીર સોમનાથનું મચ્છુન્દ્રિ, જુનાગઢનું ઉબેન, હસનપુર, મોટા ગુજેરીયા, રાજકોટનું મોજ, સોદવદર, કચ્છનું કંકાવટિ, ગજાનસર, કાલાગોગા અને ડોન, જામગનરનું વધાડીયા, સપાડા અને સ્મારેલ તેમજ તાપી જિલ્લાના ડોસવાડા જળાશયનો સમાવેશ થાય છે તેમ, અહેવાલમાં જણાવાયું છે.

આ સિવાય હાલમાં ઉતર ગુજરાતના કુલ ૧૫ જળાશયો ૪૮.૭૨ ટકા, મધ્યગુજરાતના ૧૭ જળાશયો ૩૦.૮૯ ટકા, દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયો ૩૫.૩૯ ટકા, કચ્છના ૨૦ જળાશયો ૫૦.૯૫ ટકા, તેમજ સૌરાષ્ટ્રના કુલ-૧૪૧ જળાશયોમાં ૪૭.૧૮ ટકા પાણીનો જથ્થો સંગ્રહાયો છે. રાજ્યના દૈનિક ૫૦૦૦થી વધુ કયુસેક પાણીની આવક ધરાવતા જળાશયોમાં સરદાર સરોવરમાં ૪૩,૦૭૬ કયુસેક, દમણગંગામાં ૬,૮૭૨ અને હિરણ-૨માં ૫,૧૯૯ કયુસેક પાણીનો સમાવેશ થાય છે તેમ, ફ્લડ કન્ટ્રોલ સેલના અહેવાલમાં વધુમાં જણાવાયું છે.

ટામેટાના ભાવ સાંભળીને ગૃહિણીઓ લાલઘૂમ, એક જ દિવસમાં કિલોએ ૪૦ રૂપિયા વધી ગયા

ગાંધીનગર

વરસાદને પગલે હાલમાં સમગ્ર દેશમાં શાકભાજીના ભાવમાં ઉછાળો જોવા મળી રહ્યો છે. ખાસ કરીને ટામેટા ભાવમાં મોટો ઉછાળો આવતા ગૃહિણીઓનું બજેટ બગડી ગયું છે. ગુજરાતમાં પણ સ્થિતિ વધારે ખરાબ થઈ હોય તેવું દેખાઈ રહ્યું છે. ટામેટાના ભાવ એક જ દિવસમાં કિલોએ ૪૦ રૂપિયા વધી ગયા છે. ગઈકાલે ટામેટાના ભાવ પ્રતિ કિલો ૧૨૦ રૂપિયા હતા જે આજે વધીને ૧૬૦ રૂપિયા પ્રતિ કિલો થઈ ગયા છે. આમ એક જ દિવસમાં ૪૦ રૂપિયાનો ધરખમ વધારો થયો છે. એક અઠવાડિયા પહેલા ૮૦ રૂપિયે કિલો વેચાતા ટામેટા આજે ૧૬૦ રૂપિયા કિલો વેચાઈ રહ્યા છે. આમ સપ્તાહમાં ભાવ ડલ થઈ ગયો છે.દેશમાં ટામેટા એટલો 'લાલ' થઈ ગયો છે કે લોકો મોંઘવારીના આંસુ રડી રહ્યા છે અને તેના વધતા ભાવને કારણે લોકોનો રસોડામાંથી ટામેટા ગાયબ થઈ ગયા છે. જો કે, આશ્ચર્યની વાત એ છે કે કેન્દ્ર સરકારના કેન્દ્રીય મંત્રીઓ આને મોટી સમસ્યા નથી માનતા અને કહી રહ્યા છે કે વરસાદના કારણે ભાવ સતત વધી રહ્યા છે. ટામેટાના ભાવ ટૂંક સમયમાં નીચે આવવાના છે અને થોડી રાહ જોવી પડશે.

દેશના આ રાજ્યોમાં કિંમત ૧૦૦-૧૬૦ રૂપિયા છે. દિલ્હી - ૧૦૦ રૂપિયા પ્રતિ કિલો, મુંબઈ - રૂ૮૦ થી ૯૦ પ્રતિ કિલો, પટના - રૂ૧૨૦ પ્રતિ કિલો, નોઈડા - ૧૦૦ રૂપિયા પ્રતિ કિલો, લખનૌ - રૂ ૧૬૦ પ્રતિ કિલો, જયપુર - રૂ૧૨૦ પ્રતિ કિલો ટામેટાના ભાવ રૂ૧૬૦ સુધી પહોંચી ગયા છે.

ગુજરાતે આજે નવો ઈતિહાસ રચ્યો : સિંગાપોરને પછાડ્યું, હવે ગાંધીનગરની ગિફ્ટ સિટીથી થશે ટ્રેડિંગ

ગાંધીનગર

ગાંધીનગરમાં ૮૮૬ એકરમાં પથરાયેલું ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક-સિટી એટલે કે ગિફ્ટ સિટી એ ભારતનું સર્વપ્રથમ ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસ સેન્ટર છે. ગિફ્ટ સિટીની સંરચના પાછળનો મુખ્ય હેતુ **IFSC**, મલ્ટી-સર્વિસીઝ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન તથા એક્સક્લુઝિવ ડોમેસ્ટિક ઝોનની કામગીરી માટે પરિદ્રશ્યની રચનાનું છે. ત્યારે આ ગિફ્ટ સિટીએ ઐતિહાસિક સ્થાન હાંસિલ કર્યું છે. ગિફ્ટ સિટી હવે ગુજરાતનું નવુ નાણાંકીય હબ બન્યું છે. કારણ કે, **GIFT Nifty** એ **SGX Nifty** નું સ્થાન લીધું છે.

ભારતમાં વૈશ્વિક વેપારનો યુગ આજથી એટલે કે ૩જી જુલાઈથી બદલાઈ ગયો છે. જેનુ શ્રેય ગુજરાતને જાય છે. આ માટે ગાંધીનગરનું ગિફ્ટ સિટી કારણભૂત બન્યું છે. ગિફ્ટ સિટી

(ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક-સિટી) એ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ છે. જે લંડન, ન્યૂ યોર્ક, સિંગાપોર, દુબઈ અને હોંગકોંગ જેવાં વૈશ્વિક નાણાંકીય કેન્દ્રો સાથે સ્પર્ધા કરવાની યોજના ધરાવે છે. આમ, હવે ગિફ્ટ સિટી ભારતનું હોંગકોંગ બનવા તૈયાર થઈ ગયું છે